
સંતવાણી ગ્રંથાવલિ ૨

# શ્રી રામકૃષ્ણ પરમહંસ



# શ્રીરામકૃષ્ણ પરમહંસ

**(Shriramkrishna Paramhansa)**


સંકલન

**શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી**

(હૃષીકેશ)



**નવજીવન પ્રકાશન મંદિર**

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે,
આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**નવ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પૂર્વજો અને જન્મ | ૧ |
| ૨. | બાલ્યાવસ્થા | ૬ |
| ૩. | દક્ષિણેશ્વર | ૧૨ |
| ૪. | જગદંબાનું પ્રથમ દર્શન અને ભાવોન્મત્ત અવસ્થા | ૧૫ |
| ૫. | લગ્ન અને દક્ષિણેશ્વરમાં પુનરાગમન | ૨૫ |
| ૬. | તાંત્રિક સાધના | ૨૭ |
| ૭. | નિર્વિકલ્પ સમાધિ | ૩૧ |
| ૮. | દક્ષિણેશ્વરમાં શ્રીશારદામણિદેવી | ૩૭ |
| ૯. | નરેન્દ્રનાથ | ૪૦ |
| ૧૦. | દક્ષિણેશ્વરથી વિદાય | ૪૩ |
| | શ્રીરામકૃષ્ણ ઉપદેશ-અમૃત | ૪૮ |

# ૧. પૂર્વજો અને જન્મ

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં બંગાળમાં જન્મ ધારણ કરીને દેશના ધાર્મિક ઇતિહાસમાં એક યશસ્વી પ્રકરણ ઉમેરનાર શ્રીરામકૃષ્ણ પરમહંસ એક વિરલ વિભૂતિ હતા. આવી દૈવી વિભૂતિને જન્મ આપનાર પૂર્વજો કેવા હતા, તે અંગે ટૂંક પરિચય કરીએ.

બંગાળના હુગલી જિલ્લાના દેરે નામના ગામમાં એક બ્રાહ્મણ કુટુંબ વસતું હતું; જે પરિવારના વડીલનું નામ માણિકરામ ચટ્ટોપાધ્યાય હતું. અઢારમી સદીના મધ્યકાળમાં જ્યારે સમગ્ર ભારત ચોપાસ ખંડિત અવસ્થામાં હતું. ધર્મના નામે ઊભા થયેલા અનેક પંથો સૌ સ્વકીય સ્વાર્થ હેતુ જ ધાર્મિક આડંબરો કરતા હતા. જૈન, બૌદ્ધ, આર્યસમાજ, બ્રાહ્મોસમાજ વગેરે વચ્ચે ભટકતું જનસમાજનું ધાર્મિક માનસ સંપૂર્ણતઃ અસંતુલિત હતું; શાક્ત સાંપ્રદાયિકતાનો ઘોર અત્યાચાર અને વામપંથીઓનો વ્યભિચાર ધર્મની ઘોર ખોદી રહ્યો હતો; તેવે સમયે પણ માણિકરામ ચટ્ટોપાધ્યાયનું કુળ ઈશ્વરપરાયણ હતું. હિંદુ ધર્મના તમામ વિધિનિષેધોને અત્યંત ભક્તિભાવપૂર્વક પાળતું હતું. અનેક પેઢીઓથી ત્યાં વસવાટ કરનાર આ કુટુંબની પ્રામાણિકતા, પવિત્રતા અને સરળતાને લીધે ગ્રામજનોમાં તેમનું ખૂબ માન હતું. સંકટ સમયે દીનદુ:ખીઓની વહારે ધાવું એને આ કુટુંબ પોતાનું કર્તવ્ય માનતું. પૈસેટકે સુખી હોવાને કારણે પોતાનાં ભરણપોષણ ઉપરાંતની આવક તેઓ સદૈવ ઇતર જનોની સહાય માટે વાપરતા.

આ માણિકરામના પુત્ર ખુદીરામ. અને આ ખુદીરામ એ જ શ્રીરામકૃષ્ણના પિતા. ખુદીરામનાં પત્ની શ્રીમતી ચંદ્રામણિ પણ પતિપરાયણ, અત્યંત સરળ, મધુર સ્વભાવનાં તેમ જ ઈશ્વરનિષ્ઠ હતાં. તેઓ મનુષ્યમાત્ર પ્રત્યે અપાર પ્રેમ અને શ્રદ્ધા રાખનારાં હતાં. એ નાનકડા ગામમાં સહુ કોઈ એમને 'મા' કહીને બોલાવતાં. એમને ત્યાંથી કોઈ પણ માણસ નિરાશ થઈને પાછું ફરતું નહીં. ગામના સ્રીવર્ગને આપત્તિ અને મૂંઝવણના સમયમાં એમની નિઃસ્વાર્થ સહાય અને સલાહનો લાભ કાયમ મળતો.

શ્રીરામકૃષ્ણના જન્મ પૂર્વે તેમના પિતા ખુદીરામને ગામના જમીનદારના જુલમને કારણે દેરે ગામ છોડવું પડ્યું હતું. જમીનદારના કોઈ ખોટા મામલામાં તેણે ખુદીરામને સાક્ષી તરીકે સામેલ થવા કહેલ; પરંતુ ચાધુચરિત ખુદીરામનો અંતરાત્મા આ અપકૃત્ય કરવા મંજૂર ન થતાં જમીનદારનો કોપ વહોરી લેવાનું તેમણે વધુ પસંદ કર્યું, અને આમ જમીનદારે ખુદીરામનાં ઘરબાર ખૂંચવી લેતાં તેઓ કામારપુકુરવાસી પોતાના મિત્ર સુખલાલ ગોસ્વામીને ત્યાં આવીને આદરપૂર્વક રહ્યા હતા.

ચાર વર્ષની પુત્રી, દસ વર્ષના પુત્ર અને પત્ની સાથે કામારપુકુર આવવાથી, જે દુઃખદ પ્રસંગે પોતાના પૂર્વજોની ભૂમિનો ત્યાગ કરવાની ફરજ પડી હતી તેની ઊંડી છાપ એમના હૃદય ઉપર અંકિત થઈ હતી. અને તે કારણે દંભ, દ્વેષ અને લોભથી ખદબદતા આ સંસાર પ્રત્યે હવે એમને તિરસ્કાર થયો, અને મન પ્રભુભક્તિમાં વધુ ને વધુ મગ્ન થતું ગયું. પોતાની નિરાધાર સ્થિતિમાં આમ મિત્રની અણધારી મદદ આવી મળી

તેથી એમની શાંત અને ઈશ્વરપરાયણવૃત્તિ વિશેષ પ્રબળ થઈ. પ્રાર્થના, ધ્યાન, ભજન અને શ્રીરામચંદ્રની પૂજામાં એમનો ઘણોખરો સમય વ્યતીત થતો. જમીન ખૂબ ફળદ્રુપ હતી. મજૂરો એને ખેડીને તૈયાર કરતા એટલે ખુદીરામ 'જય રઘુવીર' બોલીને દાણા વેરતા અને બાકીનું કામ મજૂરો સંભાળી લેતા. જાણે કે એમની એ અટલ શ્રદ્ધાના ફળરૂપે હોય તેમ એમના ખેતરનો પાક કદાપિ નિષ્ફળ જતો નહીં. પૂર કે દુકાળ સમયે પણ એ પૂરેપૂરો ઊતરતો, અને કેવળ કુટુંબની જ નહીં પરંતુ આજુબાજુનાં દીનદુ:ખીઓની જરૂરિયાતોને પણ એ પૂરી પાડતો.

એક વાર પરિશ્રમથી થાકીને ખુદીરામ એક વૃક્ષ નીચે ઊંઘી ગયા હતા. ઊંઘમાં એમને સ્વપ્ન આવ્યું. તેમના ઈષ્ટદેવ બાળ રામચંદ્ર એમને કહેવા લાગ્યા: ''કેટલાયે દિવસોથી હું અપૂજ પડ્યો છું; કોઈ મારી સંભાળ લેતું નથી. તું મને તારે ઘેર લઈ જા. તું જેવી પૂજા કરશે તેવી હું આનંદથી સ્વીકારીશ.'' એ સાંભળતાં ખુદીરામની આંખમાં આનંદાશ્રુ આવી ગયાં. જાગીને - સ્વપ્નમાં - સૂચિત સ્થળે ગયા. આનંદ અને આશ્ચર્ય વચ્ચે તેમણે ત્યાં એક શાલિગ્રામ પડેલા જોયા. એક નાગ એના ઉપર પોતાની ફણા પ્રસારી રહ્યો હતો. ખુદીરામના આવવાથી નાગ ચાલ્યો ગયો; અને ખુદીરામે એ શાલિગ્રામ - શિલાને પૂજ્ય દેવતારૂપે ઘેર લઈ જઈ યોગ્ય રીતે એની સ્થાપના કરી.

ખુદીરામના પુત્ર રામકુમારનું શાસ્ત્ર-અધ્યયન પૂરું થતાં તેણે પિતા ઉપર રહેલો કુટુંબનો ભાર હળવો કર્યો. આમ થતાં પિતા શ્રી રામેશ્વરની યાત્રાએ ગયા અને શ્રી કાશીવિશ્વનાથ તથા

માતા અન્નપૂર્ણા અને ગયાજીની પણ યાત્રા કરી. આ યાત્રા દરમિયાન તેમને અનેક દિવ્ય અનુભવો થતા. એક દિવસ તેઓ ધ્યાનસ્થ હતા ત્યારે એક દિવ્ય જ્યોતિર્મય ઘનશ્યામ શરીરધારી પુરુષને ચરણે પોતાના પિતૃઓને દંડવત્ પ્રણામ કરતા જોઈને, તેમણે ધ્યાનમાં જોયું કે તેઓ પણ દંડવત્ પ્રણામ કરી રહ્યા છે. અને અંતરના ઊભરાથી સ્તવન કરવા લાગ્યા. તેમણે જોયું કે એ દિવ્ય પુરુષ અતિશય મીઠા શબ્દોમાં જાણે કે કહી રહ્યા છે: ''ખુદીરામ! હું તમારી ભક્તિથી ખૂબ પ્રસન્ન થયો છું. તમારે ત્યાં હું પુત્રરૂપે જન્મ લઈશ અને તમારી સેવા સ્વીકારીશ.''

આ અલૌકિક સ્વપ્નની અસર પ્રબળ હતી, છતાં તેમણે મનમાં ગાંઠ વાળી કે આ સ્વપ્ન સાચું ન પડે ત્યાં સુધી એ વાત બહાર પાડવી નહીં.

યાત્રામાંથી કામારપુકુર પાછા ફર્યા ત્યારે તેમણે જોયું કે પોતાની પત્ની ચંદ્રામણિના સ્વભાવમાં કોઈ અજબ પરિવર્તન થયું છે. તેની દૃષ્ટિ અને પ્રેમ વૈશ્વિક થઈ ગયાં છે. વિશ્વપ્રેમના વિકાસ સાથે અનેક દેવદેવીઓ તેમના શરીરને નિદ્રામાં સ્પર્શી જતાં હોય તેવો અનુભવ પણ તેઓ કરવા લાગ્યાં. અને એક દિવસ જુગી મહાશયના શિવમંદિરે તેઓ દર્શન કરવા ગયેલ ત્યાં તેમણે દિવ્ય અનુભવ કર્યો કે શંકરની પિંડીમાંથી એક વિશાળ જ્યોતિ નીકળી અને આખું મંદિર તેજોમય થઈ ગયું; અને એકાએક આ પ્રકાશ-પુંજે તેમને એકદમ ઢાંકી દીધાં ન હોય તેવું તેમને લાગ્યું. ત્યારે ભય અને વિસ્મયથી તેઓ મૂર્છા પામેલ. ખુદીરામે ચંદ્રામણિદેવીની આ વાત જાણીને કહ્યું: ''જે કંઈ છે તે સઘળું આપણા કલ્યાણ માટે જ છે. શ્રી ગદાધરે મને અલૌકિક

રીતે જણાવ્યું છે કે આપણે ત્યાં હજી એક પુત્ર અવતરશે.''

પછી તો ચંદ્રામણિદેવીને અલૌકિક અનુભવો થતા કે હંસ ઉપર બિરાજમાન થઈને દેવીદેવતાઓ તેમનાં દર્શન કરી રહ્યાં છે. વળી કોઈ દિવસ તેમના પોતાના અંગમાંથી ચંદનની સુવાસ પ્રસરતી હોય તેવું લાગતું, તો કોઈ દિવસ સૂર્યના પ્રકાશ સમાન પ્રકાશિત મૂર્તિઓ જ ચારે તરફ દેખાતી અને તે પણ ખુલ્લી આંખે. આ બધું સાંભળી-જોઈને ખુદીરામને મન ખૂબ જ આનંદ થતો કે હવે નક્કી ચંદ્રામણિદેવીના ઉદરમાં ભગવાન પુરુષોત્તમ વિષ્ણુએ વાસ કરેલો છે, અને તેમના પુણ્ય સંસર્ગથી જ આ દિવ્ય અનુભવો થઈ રહ્યા છે.

વિક્રમ સંવત ૧૮૯૨ની ફાગણ સુદ બીજ ઈસવી સન ૧૮૩૬ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખ બુધવારે, જ્યારે રાત્રિ લગભગ વીતી ગઈ હતી, અને ફક્ત કલાકેક બાકી હશે ત્યારે ચંદ્રામણિદેવીને ખોળે આ સર્વધર્મ પુરસ્કર્તા વરિષ્ઠ અવતાર શ્રીરામકૃષ્ણદેવનું પ્રાકટ્ય થયું હતું. એ સમયે શુભ તિથિ બીજ, પૂર્વા ભાદ્રપદ નક્ષત્ર અને સિદ્ધિ યોગ હતો. જન્મ-લગ્નમાં રવિ, ચંદ્ર અને બુધ એકસાથે હતા. શુક્ર, મંગળ અને શનિ ઉચ્ચ સ્થાનમાં હતા. જ્યોતિષશાસ્ત્ર કહે છે કે, ''આવી વ્યક્તિ ધર્મજ્ઞ અને માનનીય થાય અને સર્વદા પુણ્ય કર્મનું સતત અનુષ્ઠાન કર્યા કરે. ઘણા શિષ્યોથી વીંટળાયેલ રહીને એ વ્યક્તિ દેવમંદિરે વાસ કરે અને નવીન સંપ્રદાય પ્રવર્તાવીને નારાયણના અંશભૂત મહાપુરુષ તરીકે જગતમાં પ્રસિદ્ધિ પામીને દુનિયામાં સર્વ સ્થળે પૂજાય.'' બાળકનું રાશિ પ્રમાણેનું નામ તો શંભુચંદ્ર પડ્યું, પરંતુ ગયામાં થયેલા અદ્દભુત અનુભવની સ્મૃતિ ઉપરથી ખુદીરામે આ નવજાત બાળકનું નામ રાખ્યું 'ગદાધર.'

# ૨. બાલ્યાવસ્થા

બાળક ગદાધર સુંદર અને આકર્ષક હતો. જે કોઈ એને એક વાર જોતું તે વારંવાર જોવાની ઈચ્છા કરતું. પડોશની સ્ત્રીઓ તો એ બાળકને તેડતાં ધરાતી જ નહીં. કોઈ કોઈ તો વળી 'લાવો ગોરાણીમા ગદાઈને હું સાચવીશ' કહીને ગદાધરને ગદાઈના હુલામણા નામે બોલાવી કલાક દોઢ કલાક સહેજે કાઢી નાખતી. મામાને ત્યાં પુત્રજન્મ થયો છે. જાણીને ખુદીરામના ભાણેજે એક દૂઝણી ગાય મોકલી આપી. નવજાત શિશુ માટે જે જે વસ્તુઓની જરૂર ઊભી થતી તે તે આમ અણધારી રીતે જ પ્રાપ્ત થઈ જતી. એટલું જ માત્ર નહીં પણ ગદાઈ છ માસનો થયો ત્યારે તેના અન્નપ્રાશન સંસ્કાર (અબોટણ) સમયે સમગ્ર ગ્રામજનો ધામધૂમપૂર્વક પ્રસંગ ઊજવવા માગતા હતા, તે હોંશ પણ લાહાબાબુએ પૂરી કરી.

જેમ જેમ બાળક ગદાધર મોટો થવા લાગ્યો તેમ તેમ તેમાં છુપાયેલી દૈવી પ્રતિભાનો પરિચય ખુદીરામને મળવા લાગ્યો. જે કથા કે સ્તોત્ર ગદાધર સાંભળતો, તે માત્ર એક વાર સાંભળવાથી જ ગદાધરને તેનો ઘણોખરો ભાગ મોઢે થઈ જતો; પણ તેનાથી ઊલટું એ હતું કે તેને આંક કે ગણિત વગેરેમાં રસ લાગતો જ નહીં. પાછળથી પોતાના શિષ્યોને શ્રીરામકૃષ્ણ કહેતા: ''આંકના પાડા ગોખતાં મારું માથું ભમતું.'' પરંતુ આ જ ગદાઈ રામલીલા કે કથાકીર્તન સાંભળે તો બીજે દિવસે આબેહૂબ ભજવી બતાવતો, ત્યારે તો મોટા માણસો સુધ્ધાં તેના હાવભાવની નકલ જોઈને હસી હસીને બેવડ વળી જતા.

બાળપણથી જ તેનું વર્તન સંકોચ વગરનું અને મીઠાશભર્યું હતું. જે કોઈના પરિચયમાં તે આવતો તેને તે પ્રિય થઈ પડતો.

બચપણથી જ તેનું ચિત્ત ખૂબ જ એકાગ્ર હતું, અને જ્યારે તે કોઈ પણ બાબતમાં એકદમ પરોવાઈ જતું ત્યારે ગદાધરને પોતાના શરીરનો ખ્યાલ જ રહેતો નહીં; તેને જાણે કે ભાવસમાધિ થઈ જતી, અને દેહભાન વીસરી જઈને અંતરના કોઈ અગમ્ય ભાવપ્રદેશમાં ખોવાઈ જતો. એક દિવસે સૌ બાલદોસ્તો ડાંગરનાં હરિયાળાં ખેતરોમાં રમતા હતા, ત્યાં આકાશમાં બગલાઓની એક લાંબી હાર, માળાના આકારમાં ગોઠવાઈને ઊડતી આવી. તે જોવા તન્મય ગદાધરને પોતાના શરીરનું, આસપાસના જગતનું કે છોકરાઓનું ભાન રહ્યું નહીં; અને બેહોશ થઈને તે નીચે પડી ગયો. સાથી છોકરાઓ અને આજુબાજુનાં ખેતરોમાં કામ કરતા લોકો ખૂબ જ ગભરાઈ ગયેલા અને તેને બેહોશ અવસ્થામાં જ ઘેર લઈ આવેલ; પરંતુ ફરી તેને ભાન આવતાં તે પહેલાંના જેવો જ થઈ ગયેલ.

પણ આ ઘટનાએ તેનાં માબાપને તરેહ તરેહના તર્ક કરતાં કરી મૂક્યાં. અંતે તેને વાઈ આવે છે એવું સર્વાનુમતે ઠરાવીને દવાદારૂ કરાવ્યાં તથા ભૂતપ્રેત વગેરેનું નડતર-બાધાઓ જેવું જો કંઈ હોય, એમ ધારીને મંત્ર-જપ વગેરે અનુષ્ઠાન પણ કરાવ્યાં. પરંતુ જ્યારે ગદાધરને પૂછવામાં આવ્યું ત્યારે તેણે ઉપરની ઘટના સંબંધે માતાપિતાને કહ્યું કે, ''મારું મન કોઈ એક અજાયબ પ્રકારનાં દર્શનમાં લીન થઈ ગયું હતું; મને અંદર બધું ભાન હતું અને એક અવનવો આનંદ થઈ રહ્યો હતો.'' ગમે તેમ પણ ખુદીરામ અને ચંદ્રાદેવીએ જોયું કે છોકરાની તંદુરસ્તીમાં કશી

અડચણ આવી નથી, ત્યારે જ એમનું મન સ્વસ્થ થયું.

પરંતુ ગદાધરને પિતાનું વાત્સલ્ય દીર્ઘકાળ સુધી મળ્યું નહીં. માત્ર તે સાત વરસનો હતો ત્યારે જ ખુદીરામ પોતાના ભાણેજ રામચંદ્રને ત્યાં સેલામપુર ગામમાં દુર્ગાપૂજા ઉત્સવની પૂર્ણાહુતિ બાદ સંગ્રહણીના રોગથી મૃત્યુ પામ્યા. સંસારની ક્ષણિકતાની વાતો ગદાધરે પહેલાંથી જ કથાકારો વગેરે પાસેથી સાંભળી હતી, અને પિતાના મૃત્યુને લીધે એ બાબતમાં પ્રત્યક્ષ અનુભવ પણ થયો. સાધુસંતો ક્ષણભંગુર સંસારનો ત્યાગ કરીને ભગવાનનાં દર્શન કરવાની આશાથી સાધના કરે, તથા તેમનો સત્સંગ મનુષ્યને શાંતિ આપીને કૃતાર્થ કરે, એવી વાતો ગદાધરે પુરાણીઓ પાસેથી સાંભળી હતી. આથી પેલી ધર્મશાળામાં સાધુસંતોના સમાગમમાં આવવાની ઈચ્છાથી તે અવારનવાર જવા લાગ્યો. સવારે અને સંધ્યાકાળે, સળગતી ધૂણીની સામે બેઠા બેઠા ધ્યાન કરતા સાધુઓને જોઈ તેને ખૂબ જ આનંદ થતો. ભિક્ષા માગીને આણેલું ખાદ્ય પોતાના ઈષ્ટદેવતાને અર્પણ કરીને પછી આનંદથી પ્રસાદ લેતા અને ઘણા પીડાકારી રોગથી કષ્ટ પામતા હોય ત્યારે પણ એક ઈશ્વરનું જ આલંબન રાખીને હિંમતથી દુઃખ સહન કરતા. પોતાને કોઈ વસ્તુની અતિશય આવશ્યકતા હોવા છતાં તે માટે કોઈને પણ તકલીફ આપતા નહીં. ક્યારેક ભૂખ્યા રહીને માત્ર ઈશ્વરચિંતનમાં જ સમય પસાર કરતા. ત્યાગી મહાત્માઓમાં હળીમળી જતા. ગદાધરની ધ્યાનમય થવાની શક્તિ અને ભાવસમાધિ જેવી અવસ્થામાં વધારો થયો.

એક દિવસ કામારપુકુરથી એક ગાઉ દૂર આનુડની વિશાલાક્ષી

દેવીનાં દર્શને જતાં જતાં રસ્તામાં દેવીનાં કીર્તનકથા સાંભળતાં ગદાધર દેવીના ચિંતનમાં ભાવસમાધિસ્થ થઈ ગયેલો. તેનાથીયે વધુ એક સમય શિવરાત્રિ ઉત્સવમાં રાત્રિજાગરણ માટે શિવલીલામાં શિવનું પાત્ર ભજવનાર માંદો પડી જતાં, અને આ પાઠ ગદાઈ સિવાય અન્ય કોઈ ભજવી ન શકે તેવું લાગતાં, પાઈનબાબુ, લાહાબાબુ આદિ લોકોએ ગદાધરને શિવનું પાત્ર ભજવવા તૈયાર કર્યો. વડીલોનો આગ્રહ જોઈ ગદાધરે આ વાત કબૂલ રાખી. અને શિવલીલા શરૂ થઈ. ભૂતો, પ્રેતો વગેરેનો વેશ ધારણ કરેલાં પાત્રો સહિત કૈલાસનો રંગ બરાબર જામ્યો હતો એટલામાં શિવનો પ્રવેશ થયો. મહેશનો વેશ એટલો તાદશ થયેલો કે નાટક જોનારા ઓળખી ન શક્યા કે આ પાઠ ભજવનારો કોણ છે? માથે પિંગલવર્ણી જટા, જટામાં, ગળામાં અને કમર પર સર્પો વીંટાયેલા, આખે શરીરે વિભૂતિ, ગળામાં સ્ફટિક અને રુદ્રાક્ષની માળાઓ, કાનમાં કુંડળો, એક હાથમાં ડમરુ અને બીજા હાથમાં ત્રિશૂળ લઈને ધ્યાનસ્થ નેત્રે મંદ મંદ ગતિએ શિવ રંગમંડપ પર પધાર્યા. જોતાં જ લોકો સ્તબ્ધ બનીને ''હર હર, મહાદેવ! હર હર મહાદેવ!'' એમ બોલી ઊઠ્યા. કોઈક શંખો બજાવી ઊઠ્યા. આ બાજુ ગદાધરનું મન તો કૈલાસપતિના ધ્યાનમાં મગ્ન થયું. અહીં મૃત્યુલોકમાં તો માત્ર શરીર જ રહ્યું. તેના નેત્રોમાંથી પ્રેમાશ્રુની ગંગા વહેવા લાગી. દેહનું ભાન ભૂલી, નેત્રો સ્થિર કરી ગદાધર સમાધિમાં ગરકાવ થઈ ગયો. પ્રેક્ષકોમાંથી વયોવૃદ્ધ ચિનુ શાંખારી ગદાધરની એ અવસ્થાને સમજીને ઊભો થયો. એણે તરત જ થોડાં બિલ્વપત્રો લાવીને શિવને ચરણે અર્પણ કર્યાં. ફૂલ, ફળ, ધૂપ,

દીપ વગેરે ધરાવ્યાં અને આરતી પણ કરી તોપણ એ રાત્રે ગદાધરનો શિવનો આવેશ ઊતર્યો જ નહીં. નાટક નાટકને ઠેકાણે રહ્યું, શિવનો ભાવ છેક બીજે દિવસે સવારે ઊતર્યો ત્યારે ગદાધર સ્વસ્થ થયો.

કામારપુકુરના કેટલાક લોકો અકળ રીતે બચપણથી ગદાધરની મહત્તા સમજ્યા હતા. એવી ભાગ્યવાન હતી ધની લુહારણ. ગદાઈ તેને કહેતો, ''મારી ધરમની બા તો તમે ધનીમા.'' અને તેથી જ તો સમગ્ર બ્રાહ્મણ કુળની માનમર્યાદાને ઓળંગીને પોતાનાં યજ્ઞોપવીત પછી ॐ भवति भिक्षां देहि બોલીને પ્રથમ ભિક્ષા ધની પાસેથી લીધી. આવો જ એક ભાગ્યશાળી આત્મા શંખની બંગડીઓ વેચનાર ફેરિયો શ્રીનિવાસ હતો. એને ગદાધર ઉપર ખૂબ પ્રીતિ હતી. એક દિવસ શ્રીનિવાસ પૂજા માટે હાર ગૂંથી રહ્યો હતો એ વખતે ગદાધર ત્યાં આવી ચડ્યો. કોણ જાણે કેમ પણ શ્રીનિવાસના મનમાં ભાવ જાગ્યો. તેણે જોયું કે ચારે બાજુ કોઈ નથી તેની ખાતરી કરીને તેણે ગદાધરની પૂજા કરી, હાર પહેરાવ્યો તથા સ્વહસ્તે મીઠાઈ આરોગાવી. એની આંખોમાંથી હર્ષાશ્રુનો પ્રવાહ ચાલ્યો. લાગણીથી રૂંધાઈ ગયેલી વાણીમાં એ કહેવા લાગ્યો: ''હું તો હવે વૃદ્ધ થયો છું, અને મારો અંત નજીક છે એવું મને લાગે છે; એટલે હે પ્રભુ! આ જગતમાં જે અદ્‌ભુત કાર્યો આપ કરવાના છો તે જોવા માટે જીવતા રહેવાનું મારું તો સદ્‌ભાગ્ય નહીં હોય, અને તેથી ભગવન્! અત્યારે જ હું આપની પૂજા કરીને ધન્યતા અનુભવું છું !''

જેમ જેમ ગદાધરનું વય વધતું ચાલ્યું તેમ તેમ તેનો ભજન-

સંકીર્તનનો નાદ પણ વધવા લાગ્યો. ધર્મવૃત્તિમાં વધારો થયો પરંતુ વિદ્યાભ્યાસમાં તેનું મન વધારે પરોવાતું નહીં. ગદાધરની નજર સામે તેના પિતાની ત્યાગવૃત્તિ, ઈશ્વરભક્તિ, સત્ય, સદાચાર અને ધર્મપરાયણતાનો ઉજ્જવળ આદર્શ હતો. તેને મન પંડિતો અને શાસ્ત્રીઓ, તર્કાલંકારો અને વ્યાખ્યાન-વાચસ્પતિઓ, કર્મકાંડ-માર્તંડો અને મીમાંસા-મહારથીઓ ગમે તેટલા મોટા હોવા છતાં દાનદક્ષિણા અને લોટ-દાળના સીધાં માટે સાવ તુચ્છ થતા જોઈને તેઓ ઈશ્વરપરાયણ થવાને બદલે ભોગપરાયણ થયા હોય તેમ લાગતું. આથી અભ્યાસમાંથી તેનું મન ઊતરી ગયું હતું. છતાં પોતાની માતૃભાષા બંગાળીમાં લખાયેલા તથા છપાયેલા સર્વ ગ્રંથો વાંચવામાં તથા નકલ કરવામાં તે કુશળ થયો હતો. તેના સ્વહસ્તે ઉતારાયેલ ‘રામકૃષ્ણાયન’ તથા ‘સુબાહુ આખ્યાન’ નામની હસ્તલિખિત પોથીઓ હજી મોજૂદ છે. એ બધાં ઉપાખ્યાનો ગદાધર ગામનાં સાદાં, ભોળાં નરનારીઓ પાસે વાંચતો, અને સૌ આબાલવૃદ્ધ આ આખ્યાનો ખૂબ હોંશે હોંશે સાંભળતાં.

ગદાધરની ઉંમર હવે સત્તર વર્ષની થઈ ચૂકી હતી. આ બાજુ કલકત્તામાં પોતે શરૂ કરેલા કાર્યને હવે રામકુમાર એકલે હાથે પહોંચી શકતા નહોતા. અને કામારપુકુરમાં ગદાધરની અભ્યાસ પ્રત્યેની ઉદાસીનતા વિશેની સઘળી હકીકત તો તેઓ જાણતા જ હતા. પરિણામે જો ગદાધર કલકત્તા આવે તો પોતાના હાથ નીચે કર્મકાંડ શીખીને ભવિષ્ય માટે તૈયાર થાય, અને બીજું યજમાનોને ઘેર દેવપૂજા વગેરે કરીને કમાણીમાં કંઈક ઉમેરો કરી શકે, તથા સાથે સાથે ત્યાંનાં ઘરકામમાં સહાયક થાય તેવા

બેવડા આશયથી ખૂબ જ ભારે હૃદયે શુભ મુહૂર્તે માતુશ્રીની રજા લઈને તથા કુળદેવતા રઘુવીરને પ્રણામ કરીને 'રઘુવીરની ઇચ્છા' સમજીને મોટાભાઈ સાથે ગદાધરે કલકત્તા તરફ પ્રયાણ કર્યું.

આ રીતે ગદાધરના જીવનનો એક તબક્કો પૂરો થયો. જે વટવૃક્ષ ભવિષ્યમાં સંસારના અનેક થાક્યાપાક્યા મુસાફરોનું આશ્રયસ્થાન બનવાનું હતું તેના વિકાસની દિશામાં હવે એક નક્કર પગલું ભરાયું.

## ૩. દક્ષિણેશ્વર

ગદાધરના મોટા ભાઈ રામકુમાર જ્યોતિષ અને સ્મૃતિશાસ્ત્રમાં કુશળ હતા. કામારપુકુરમાં દિગંબર મિત્રના ઘરની સામે પાઠશાળા ખોલીને તેઓ વિદ્યાર્થીઓને ભણાવવા લાગ્યા. ઉપરાંત મિત્રકુટુંબને ઘેર તથા બીજા કેટલાક પૈસાદાર લોકોને ઘેર જઈને દેવસેવા પણ કરવા લાગ્યા. પરંતુ નિત્યકર્મ, વિદ્યાર્થીઓનું શિક્ષણ – એ બધાં વચ્ચે બીજાને ઘેર જઈ યથાવિધિ દેવપૂજા કરવાનું કામ તેમને બોજારૂપ થઈ પડતાં તે કામ હવે તેમણે ગદાધરને સોંપ્યું. ગદાધરને તો પોતાનું મનગમતું કામ મળ્યું. આનંદપૂર્વક તે આ કામ બજાવીને મોટાભાઈની સેવા કરતો, અને તેમની પાસેથી કાંઈ ને કાંઈ અભ્યાસ પણ કરતો. ગુણવાન અને મધુર સ્વભાવવાળો તથા દેખાવડો ગદાધર થોડા સમયમાં જ સઘળાં યજમાન કુટુંબોમાં વહાલો થઈ પડ્યો. પરંતુ તેના નિજાનંદમાં તેનો વિદ્યાભ્યાસ કોઈ રીતે આગળ વધતો ન હતો.

રામકુમારના ધ્યાનમાં પણ એ હકીકત હતી. પણ તે નાના ભાઈને એકદમ કંઈ કહી શકતા નહીં. પરંતુ એક દિવસે રામકુમારે ગદાધરને પોતાની પાસે બોલાવ્યો. અભ્યાસ પ્રત્યેની તેની ઉદાસીનતા કહી બતાવી તથા વિદ્યા ભણવામાં ધ્યાન ન દેવા માટે ઠપકો દઈને કહ્યું: ''ભાઈ! ભણીશ નહીં તો આગળ ઉપર વહેવાર કેમ કરીને ચાલશે?'' તેના જવાબમાં ગદાધરે જે ઉત્તર આપ્યો તેની રામકુમારે કદી જ આશા રાખી નહીં હોય. તેણે કહ્યું: ''મોટાભાઈ! લોટ-દાળનાં સીધાં બાંધવાનું ભણતર ભણવાથી શું વળશે? મારે તો એવી વિદ્યા ભણવી છે કે જે પ્રાપ્ત કરવાથી ઈશ્વરનાં દર્શન કરીને સંસારમાં મનુષ્ય ધન્ય થઈ જાય!'' નાને મોઢે મોટી વાત સાંભળીને રામકુમારને તેમાં ખાસ ગંભીરતા ન લાગી. પરંતુ એ જ વખતે જીભાજોડી કરીને નાના ભાઈને નારાજ કરવો, તેના કરતાં સમયને તેનું કામ કરવા દેવું અને યોગ્ય તક મળતાં ફરીથી તેને સમજાવી, હેત દર્શાવીને અભ્યાસ કરવામાં લગાડવો એવો વિચાર કરીને એ વખતે તો એ ગમ ખાઈ ગયા. અને બંને ભાઈઓનો જીવનપ્રવાહ યથાપૂર્વ વહેવા લાગ્યો.

એ અરસામાં કલકત્તાના જાનબજાર નામના લત્તામાં શ્રી રાજચંદ્ર દાસ નામના એક ધનાઢ્ય જમીનદારની વિધવા રાણી રાસમણિ નામે એક સુપ્રસિદ્ધ જમીનદાર બાઈએ કલકત્તાની ઉત્તરે ચાર માઈલ ઉપર સને ૧૮૫૫ના મેની ૩૧મી તારીખે મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કરીને એક ભવ્ય કાલિમંદિર બંધાવ્યું. સાઠ વીઘાં જમીન પર નવચૂડાથી શોભતાં કાલિમંદિરની સાથે બાર શિવમંદિરો અને રાધાકાન્તનું મંદિર

વગેરે દેવાલયો તથા ઘાટો, સભામંડપ, નોબતખાનાં, અતિથિશાળા, વિશાળ ફૂલવાડી વગેરે બંધાવ્યાં. અને તે કાલિમંદિરના પૂજારી તરીકે શ્રી રામકુમારની નિમણૂક કરી. આમ થતાં ગદાધર પણ પોતાના મોટાભાઈની સાથે દક્ષિણેશ્વર આવીને રહ્યા.

દક્ષિણેશ્વરની સ્થાપનાનું રોચક વર્ણન કરતાં પાછળથી શ્રીરામકૃષ્ણ સદૈવ કહેતા કે: ''પેટીમાં મૂકી રાખેલી દેવીની મૂર્તિની આસપાસ એક વખત પરસેવાનાં જળબિંદુઓનું પડ છવાઈ ગયું હતું અને સ્વપ્નમાં આવીને દેવીએ રાણીને કહ્યું હતું: ''પ્રતિષ્ઠાપન વિધિ જલદી કર. હું પેટીમાં ગૂંગળાઈ જાઉં છું.''

આ નવું સ્થળ ગદાધરને સર્વ રીતે અનુકૂળ લાગતું હતું. પવિત્ર એકાંત સ્થળ, વડીલ બંધુની પ્રેમભરી કાળજી, રાણી રાસમણિનું ભાવભર્યું વર્તન, જગદંબા અહીં હાજરાહજૂર છે એવી અચલ શ્રદ્ધા તથા કલકલ નાદે વહેતી પતિતપાવની ગંગા - - આ બધું આ સ્થળ પ્રતિ એમની પ્રીતિ વધારી રહ્યું. આ રીતે ગદાધર દક્ષિણેશ્વરમાં નિવાસ કરીને સાચા ભણતરને પંથે જવા તત્પર બન્યા.

# ૪. જગદંબાનું પ્રથમ દર્શન અને ભાવોન્મત્ત અવસ્થા

દક્ષિણેશ્વર આવ્યા પછી ગદાધરનું નામ રામકૃષ્ણ કેવી રીતે પ્રચલિત થયું તે વિશે પ્રમાણભૂત માહિતી મળી શકતી નથી, છતાં કાલિમંદિરમાં આવ્યા બાદ જ તેમને સૌ રામકૃષ્ણ નામથી ઓળખતાં થયાં; તેથી હવે આપણે પણ એમનો ઉલ્લેખ ગદાધરને બદલે શ્રીરામકૃષ્ણ તરીકે કરીશું.

શ્રીરામકૃષ્ણનો સૌમ્ય દેખાવ, કોમળ પ્રકૃતિ, નાની ઉંમર અને ધર્મનિષ્ઠા વગેરે ગુણો તરફ રાણી રાસમણિના જમાઈ મથુરબાબુની નજર ખેંચાઈ હતી. તપાસ કરતાં તેમને ખબર પડી કે એ તો કાલિમંદિરના પૂજારી રામકુમાર ભટ્ટાચાર્યના નાના ભાઈ છે. એ જાણીને મથુરબાબુ મનમાં પ્રસન્ન થયા અને રામકુમારને બોલાવીને પૂછ્યું: ''તમારા નાના ભાઈને દેવીના શૃંગાર સજાવનાર તરીકે મંદિરના કામકાજમાં જોડી શકાય તો ઠીક કે નહીં? રામકુમારને એ વાત ગમી તો ખરી, પણ પોતાના નાના ભાઈની વિલક્ષણ પ્રકૃતિ, પૈસા કમાવાની ભાવના પ્રત્યે ઉપેક્ષા, સ્વતંત્ર મિજાજ વગેરેથી એ પરિચિત હતા; એટલે તે બધાંનું વર્ણન તેમણે મથુરબાબુ પાસે કરીને આશાજનક ઉત્તર આપ્યો નહીં.

બરાબર એ જ અરસામાં શ્રીરામકૃષ્ણના જીવન સાથે પચીસ વરસ સુધી ગાઢ સંબંધથી સંકળાયેલા અને તેમના નિકટના સાથી બની રહેવાને નિર્માયેલા એક યુવકનું દક્ષિણેશ્વરમાં આગમન થયું. એ યુવક હતો શ્રીરામકૃષ્ણની ફોઈની દીકરી હેમાંગિનીનો

પુત્ર હૃદયરામ. આ મામા-ભાણેજ નાનપણથી જ એકબીજાના મિત્ર હતા. પોતાના મામાઓ રાણી રાસમણિના દેવાલયમાં માનપાનથી રહે છે એવા સમાચાર સાંભળીને નોકરીની શોધમાં તે દક્ષિણેશ્વર આવી પહોંચ્યો હતો.

દેવાલયની પ્રતિષ્ઠા થયા પછી ત્રણ માસની અંદર જ હૃદય પોતાને મદદ કરશે; પોતે કંઈયે ચિંતા નહીં કરતાં માત્ર દેવીને અલંકારો જ પહેરાવવાની સેવા કરવાની છે તેવી સમજણ સાથે શ્રીરામકૃષ્ણે મથુરબાબુના આગ્રહ અને મોટાભાઈ રામકુમારને વધુ મદદરૂપ થઈ શકાય, તેવી ભાવનાથી કાલિમંદિરની નોકરી સ્વીકારી કે ત્યારથી જ તેઓ કાલિમંદિર સાથે પ્રત્યક્ષ રીતે જોડાઈ ગયા.

પરંતુ થોડા સમયમાં જ એક એવી ઘટના બની કે જેથી રાણી રાસમણિ તથા મથુરબાબુનો શ્રીરામકૃષ્ણ પ્રત્યેનો સ્નેહ અને સદ્‌ભાવ અનેક ગણો વધી ગયો. ઘટના એમ હતી કે કાલિમંદિરની બાજુના શ્રી રાધાકાન્તના મંદિરના પૂજારી બ્રાહ્મણ ક્ષેત્રનાથ ગોવિંદજીની મૂર્તિને પોઢાડવા માટે બાજુના ખંડમાં લઈ જતા હતા ત્યારે તેઓ લપસી પડતાં મૂર્તિ હાથમાંથી છટકીને પડી ગઈ. મૂર્તિનો પગ ભાંગી ગયો અને મૂર્તિ ખંડિત થઈ ગઈ! મંદિરમાં હાહાકાર મચી ગયો. બિચારો ક્ષેત્રનાથ! એને તો આવી બેદરકારી માટે નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો. પરંતુ પ્રસંગનો અંત એટલેથી જ આવતો ન હતો. કુટુંબ ઉપર જરૂર કોઈ અમંગળ ઊતરી પડશે એવી સૌને બીક પેઠી. હવે ખંડિત મૂર્તિની પૂજા પણ કેમ થાય? રાણી રાસમણિ તો અત્યંત આકુળવ્યાકુળ થઈ ગયાં. મથુરબાબુની સલાહ લઈને એણે

પંડિતોની સભા બોલાવી. ખૂબ વાદવિવાદ કર્યા પછી એ પંડિતોએ નિર્ણય આપ્યો કે ખંડિત મૂર્તિની પૂજા કરવી એ શાસ્ત્ર વિરુદ્ધ છે; માટે રાણીએ એ મૂર્તિને ગંગાજીમાં પધરાવી દેવી અને એની જગ્યાએ બીજી નવી મૂર્તિ તૈયાર કરાવીને તેની પ્રતિષ્ઠા કરવી. પરંતુ મથુરબાબુ અને રાણી રાસમણિએ જ્યારે પંડિતોના આ અભિપ્રાયમાં શ્રીરામકૃષ્ણની સંમતિ છે કે કેમ તેવું પૂછતાં તેમણે કહ્યું: ''શું રાણીના જમાઈનો પગ ભાંગી જાય તો એ એને બદલાવીને બીજો જમાઈ લાવે કે? શું એ પોતાના જમાઈને સારવાર કરાવ્યા વગર ગંગાજીમાં પધરાવી શકે? તો પછી આ બાબતમાં પણ એમ જ કરવું જોઈએ કે મૂર્તિની મરામત કરાવવી અને પહેલાંની પેઠે એની જ પૂજા ચાલુ રાખવી.''

નિર્ણય ચમકાવે એવો હતો. પંડિતો પણ એ નિર્ણય સાંભળીને નિરુત્તર બન્યા. રાણી રાસમણિના આનંદનો પાર ન રહ્યો; એ ખંડિત મૂર્તિની મરામત કરવાનું કામ પણ સૌએ શ્રીરામકૃષ્ણને જ સોંપ્યું. મૂર્તિવિધાનમાં નિષ્ણાત એવા શ્રીરામકૃષ્ણે પણ એટલી કુશળતાથી એ ભાંગેલો પગ સાંધી આપ્યો કે ઝીણવટથી જોનારને પણ એ સાંધો નજરે ન પડે. અને આજે પણ એ મૂર્તિની જ પૂજા ચાલુ રહી છે. હવે શ્રી રાધાકાન્તના મંદિરના પૂજારીપદે પણ ક્ષેત્રનાથની ખાલી પડેલી જગ્યાએ શ્રીરામકૃષ્ણની જ નિમણૂક કરવામાં આવી, અને શ્રીરામકૃષ્ણ શ્રી રાધાકાન્ત મંદિરના પૂજારીપદને શોભાવવા લાગ્યા.

હવે શ્રીરામકૃષ્ણના જીવનનો એક નવો તબક્કો શરૂ થયો. ભક્ત અને ભગવતીના સુભગ મિલન માટે એક નક્કર ભૂમિકાનો પ્રારંભ અહીંથી થતો જોઈએ છીએ. એ કષ્ટમય સાધનાકાળ

હતો. જગદંબાને ચરણે બેસીને, આ આતુર સાધકે પોતાનું ભક્તિરસ તરબોળ હૈયું ઠાલવવા માંડ્યું. અને એનો સાક્ષાત્કાર કરવા માટે અદમ્ય ઝંખના સેવીને આખરે ઈશ્વરદર્શનમાં એ સાધનાની પરિપૂર્ણતા અનુભવી. ઈશ્વરદર્શન માટેના તીવ્ર તલસાટનાં એ બાર વર્ષોમાં છ છ વર્ષો સુધી તો શ્રીરામકૃષ્ણ ઊંઘી પણ શક્યા ન હતા. ઈશ્વરી આવેશમય અવસ્થામાં એમને નહોતું રહેતું ભૂખતરસનું ભાન કે નહોતું રહેતું પોતાના શરીરનું ભાન. પોતાની આસપાસ શું બની રહ્યું છે એની પણ એમને ખબર રહેતી નહીં. એ કોઈ પાગલ જેવી દશામાં રહેતા. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ આધ્યાત્મિક ઝંખનાનાં ઊંડાણોમાં એ વધારે ને વધારે પ્રવેશ કરતા ગયા.

શ્રી રાધાકાન્તના મંદિરના આ નવા પૂજારીનો પૂજાવિધિ અસામાન્ય પ્રકારનો છે એ તો મથુરબાબુને તરત જ સમજાઈ ગયું. મૂર્તિમાં સ્વયં ઈશ્વર વિરાજેલા છે એવી ભાવનાથી પૂજા કરતા શ્રીરામકૃષ્ણ મૂર્તિ સમક્ષ બેસતા ત્યારે બાહ્ય જગતની એમને તદ્દન વિસ્મૃતિ થઈ જતી. અંગન્યાસ, કરન્યાસના મંત્રાક્ષરો પોતાના દેહની અંદર ઉજ્જવળ આકારે પ્રવેશ કરી રહ્યા છે એમ તેમને ખરેખર દેખાતું. વળી, તેઓ સ્પષ્ટપણે જોતા કે સર્પના આકારવાળી કુંડલિની શક્તિ સુષુમ્ણા માર્ગે સહસ્રાર સુધી ચડી રહી છે, અને શરીરના જે જે ભાગને તે શક્તિ છોડતી જાય છે તે તે ભાગ તદ્દન જડ અને મરી ગયેલા જેવો થતો જાય છે. વળી, શાસ્ત્રવિહિત પૂજાપદ્ધતિ પ્રમાણે જ્યારે 'રં' એ મંત્રાક્ષરનો ઉચ્ચાર કરીને પૂજારી પોતાની ચારે બાજુ જળ છાંટીને એવી ભાવના કરે છે કે પૂજાસ્થાનની આસપાસ અગ્નિની દીવાલ થઈ

રહી છે, અને તેથી કોઈ પણ જાતનું વિઘ્ન ત્યાં પ્રવેશ કરી શકશે નહીં ત્યારે એ મંત્રનો ઉચ્ચાર કરતાં શ્રીરામકૃષ્ણ જોઈ શકતા કે પોતાની આજુબાજુ સેંકડો જ્વાળાઓ ફેલાઈ રહીને, ઓળંગી ન શકાય તેવી એક દીવાલરૂપ બની ગઈ છે. પૂજા કરતી વખતે તેમના મુખ પર તેજ છવાઈ રહેતું. તે વખતે તેમની એકાગ્રતા અને તન્મયતા જોઈને બીજા બ્રાહ્મણો અંદરોઅંદર બોલી ઊઠતા કે સાક્ષાત્ વિષ્ણુ જાણે કે નરદેહ ધારણ કરીને પૂજા કરવા બેઠા છે.

શ્રીરામકૃષ્ણે પૂજારીપદ સુયોગ્ય રીતે સંભાળી લીધું છે એ જાણીને રામકુમારને ખૂબ આનંદ થયો. વળી, જ્યારે પોતાની જીવનસંધ્યા આવી રહી છે ત્યારે નાનો ભાઈ પોતાનું સ્થાન સંભાળી લે તો કુટુંબના જીવનનિર્વાહની ચિંતા ન રહે, એવા વિચારથી રામકુમારે શ્રીરામકૃષ્ણને કાલિપૂજાની દીક્ષા વિધિપૂર્વક કલકત્તાના શ્રી કેનારામ ભટ્ટાચાર્ય પાસેથી અપાવી. કહેવાય છે કે જ્યારે દીક્ષામંત્ર એમના કાનમાં ઉચ્ચારવામાં આવ્યો ત્યારે એ મોટો નાદ કરીને ભાવાવેશમાં નિમગ્ન થઈ ગયા હતા. દીક્ષાગુરુ કેનારામ માટે પણ આ એક પરમ આશ્ચર્યની ઘટના હતી.

હવેથી રામકુમારે અનેક વખત શ્રીરામકૃષ્ણ પાસે શ્રી જગદંબાની પૂજા કરાવવાનું શરૂ કર્યું અને પોતે શ્રી રાધાકાન્તની પૂજા કરવા માંડી. એક વખત મથુરબાબુ શ્રીરામકૃષ્ણને કાલિપૂજા કરતા જોઈ ગયા. એટલે હવે પછી કાયમને માટે કાલિપૂજા કરવાની એમણે શ્રીરામકૃષ્ણને વિનંતી કરી. એમણે ઉત્તર આપ્યો: ''બાબુજી! હું શક્તિપૂજાનો વિધિ જાણતો નથી, એટલે શાસ્ત્રોક્ત રીતે એ પવિત્ર કાર્ય શી રીતે કરી શકું?''

પરંતુ મથુરબાબુએ નમ્રતાપૂર્વક કહ્યું: ''આપને કોઈ શાસ્ત્રોક્ત વિધિની જરૂર નથી; કેવળ આપની ઉત્તમ ભક્તિ અને નિષ્ઠાથી જ જગદંબા પ્રસન્ન થશે. એને ચરણે જે કંઈ આપ ભાવપૂર્વક નિવેદન કરશો તેનો એ સ્વીકાર કરશે જ. આપની ભક્તિને કારણે આ મૂર્તિમાં સાક્ષાત્ જગદંબા પ્રગટ થશે.'' આવી પરમ શ્રદ્ધાનો પડઘો કેમ ન પડે? અને શ્રીરામકૃષ્ણે તરત જ મથુરબાબુની વિનંતીનો સ્વીકાર કર્યો.

આ બાજુ રામકુમારનું સ્વાસ્થ્ય બરાબર રહેતું ન હતું, એટલે થોડા માસ વતનમાં ગાળવાની ઈચ્છાથી શ્રી રાધાકાન્તની પૂજાનું કાર્ય હૃદયને સોંપી વતન જવા રવાના થયા, પરંતુ વતન પહોંચવાનું નિર્માયું ન હતું. કલકત્તાથી થોડે દૂર કોઈ ગામમાં જ એમનો દેહાન્ત થયો.

વડીલ ભાઈના મૃત્યુના સમાચારે યુવાન શ્રીરામકૃષ્ણના મનને ખૂબ વિહ્વળ કરી નાખ્યું. જગતની અસારતાના વિચારોમાં પડેલું મન વધુ ચિંતનશીલ બન્યું. એમને પ્રતીતિ થઈ કે ઈશ્વરના સાક્ષાત્કાર સિવાય દુ:ખો અને અનિષ્ટોનો અંત આવી શકે નહીં. એટલે ઈશ્વરદર્શન માટે તેમનો તલસાટ વધુ તીવ્ર બન્યો. ભવતારિણીની પૂજા એમને માટે સાચા અર્થમાં 'ભવતારિણી' બની.

જેમ જેમ શ્રીરામકૃષ્ણનું ચિત્ત ઈશ્વરાભિમુખ બનતું ગયું કે એમનો સંસારી લોકો સાથેનો સંસર્ગ લગભગ છૂટી ગયો. તેઓ બપોર પછીનો સમય એકાન્તમાં પસાર કરતા, અને રાતવેળાએ ક્યાંક ચાલ્યા જતા ને વહેલી સવારે પાછા ફરતા. પુષ્કળ અશ્રુપાત અને ઊંડા ધ્યાનની અસર વડે તેમની આંખો સૂજી

ગયેલી રહેતી. મંદિરની ઉત્તરે આવેલ ભાગ જે પંચવટી નામે ઓળખાતો, તેમાં ઘનઘોર જંગલ હતું. ત્યાં આવેલાં આંબળાનાં મોટાં વૃક્ષ નીચે રાત્રે તેમ જ બપોરે તેઓ ધ્યાન કરતા. તેમને હવે ખોરાક અને નિદ્રાની ઈચ્છા પણ થતી નહીં. ધ્યાનના સમયે તેઓ વસ્ત્રવિહોણા બનીને અને યજ્ઞોપવીત પણ કાઢીને બેસતા. હૃદયની પૂછપરછનો ભાગ્યે જ જવાબ આપતા. છતાં એક વાર તેમણે કહ્યું હતું કે: ''મનુષ્યે સર્વ બંધનોનો ત્યાગ કરીને પ્રભુનું ધ્યાન ધરવું જોઈએ. જન્મથી જ આપણને ઘૃણા, લજ્જા, કુલાભિમાન, સંસ્કારાભિમાન, ભય, માનની એષણા, જ્ઞાતિ અને અહંકાર એ આઠ બંધનો વળગેલાં હોય છે. જનોઈ ધારણ કરવાથી એવું અભિમાન રહે છે કે હું બ્રાહ્મણ છું અને તેથી સૌથી ઊંચો છું. શ્રી જગદંબાનું ધ્યાન કરતી વખતે મનુષ્યે આવા બધા ખ્યાલોથી અળગા થવાનું હોય છે, હૃદય!''

જેમ જેમ જગદંબાનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર ઝંખના શ્રીરામકૃષ્ણને થતી ગઈ, તેમ તેમ તેમની અંતરવેદના વધતી ગઈ. તેઓ આકુળવ્યાકુળ થઈ બાળકની પેઠે રુદન કરતા અને બોલતા, ''ઓ મા! તું ક્યાં છે? મને દર્શન આપ!'' ઘણી વાર વેદના દારુણ બનતી ત્યારે એ પોતાના મુખને જમીન ઉપર ઘસતા.

આવી મનોદશામાં કાલિમંદિરમાં નિયમિત પૂજા શી રીતે શક્ય હોય? ઘણી વાર જગદંબાની મૂર્તિ સમક્ષ તેઓ જડવત્ બેસી રહેતા તો કોઈ વાર પૂજા કરતી વખતે પોતાના માથા ઉપર ફૂલ મૂકી દેતા. ફૂલમાળા બનાવવામાં કદીક કલાકો વ્યતીત કરતા અને સાંજે આરતી ઉતારતાં એમને સમયનું પણ ભાન રહેતું નહીં.

પરંતુ ભગવતી પોતાના ભક્તને એમ ઝટ દર્શન દે તેમ ન હતી. એક દિવસ એમની ઉત્કંઠા ખૂબ તીવ્ર બની ત્યારે જગદંબાના એ પ્રથમ દર્શનની વાત કહેતાં એમણે કહ્યું છે: ''માનાં દર્શનનો વિયોગ મને અસહ્ય થઈ પડ્યો. જીવવામાં મને રસ ન રહ્યો. એવામાં એકાએક મારી નજર મંદિરમાં રાખેલી તલવાર ઉપર પડી. જીવનનો અંત આણવાનો નિશ્ચય કરીને હું એક પાગલની માફક કૂદ્યો અને તલવાર ઉપાડીને ગળા પર ઝીંકી. પરંતુ ત્યાં તો એકાએક જગદંબા મારી આગળ પ્રગટ થયાં અને મારો હાથ પકડી લીધો, અને હું બેભાન થઈને જમીન ઉપર પટકાઈ પડ્યો. એ પછી શું બન્યું તેની, તેમ જ એ દિવસ તેમ જ બીજો દિવસ શી રીતે પસાર થયો તેની મને ખબર જ નથી. પરંતુ મારું અંતર એક અપૂર્વ અને વિશુદ્ધ આનંદપ્રવાહમાં નાહી રહ્યું હતું, અને જગદંબાની હાજરીનો મને અનુભવ થઈ રહ્યો હતો.''

બીજા એક પ્રસંગે એ જ અનુભવનું એમણે આ પ્રમાણે વર્ણન કર્યું હતું: ''જુદા જુદા ભાગો સહિત મકાનો, મંદિર અને અન્ય સર્વ વસ્તુઓ વગેરે બધું મારી નજર સામેથી અદૃશ્ય થઈ ગયું; એની કશી નિશાની ન રહી. એને બદલે ચૈતન્યનો અફાટ, અનંત તેજોમય મહાસાગર મારી નજર પહોંચે ત્યાં સુધી વિસ્તરી રહ્યો. ભયંકર ઘુઘવાટ કરતાં પ્રચંડ તેજોમય મોજાંઓ મને ગળી જવા માટે બેફામપણે મારા તરફ આવી રહ્યાં હતાં! આંખના પલકારામાં એ મોજાંઓ મારા ઉપર ધસી આવ્યાં અને મને ગળી ગયાં. હું હાંફી જઈને એ મોજાંઓમાં સપડાઈ ગયો અને બેભાન થઈને નીચે પટકાઈ પડ્યો.''

એ તેજોમય મહાસાગરમાં શ્રીરામકૃષ્ણને જગદંબાનું આનંદમય સ્વરૂપ દેખાયું હતું, કારણ કે પાછળથી જ્યારે એ બાહ્ય ભાનમાં આવ્યા ત્યારે મોટેથી 'મા! મા!' એમ બોલી રહ્યા હતા.

આ પ્રસંગ બન્યા પછી એવો સાક્ષાત્કાર ફરીથી થાય એવી એ હંમેશાં પ્રાર્થના કરતા. કેટલીક વાર તો એ પોતાની તીવ્ર ઉત્કંઠાની વેદનામાં જમીન ઉપર આળોટી પડતા અને જગદંબાને કાલાવાલા કરતા. એમનું આક્રંદ સાંભળીને લોકો એકઠા થઈ જતા. પોતાની અવસ્થાનું વર્ણન કરતાં એ કહેતા: ''લોકોની હાજરીનું મને ભાગ્યે જ ભાન રહેતું. એ બધા મને જીવતીજાગતી વ્યક્તિઓ કરતાં ચિત્રો કે પડછાયા રૂપે વિશેષ ભાસતા, એટલે એમની સમક્ષ જગદંબા પાસે મારી લાગણીઓનું પ્રદર્શન કરતાં મને લેશમાત્ર લજ્જા આવતી નહીં. પરંતુ જગદંબાના વિરહની દારુણ વ્યથામાં જ્યારે હું બાહ્ય ભાન ભૂલી જતો, ત્યારે ભક્તોને વર પ્રદાન કરતી અને અભયદાન આપતી જગદંબાને પોતાનાં અનુપમ તેજોમય સ્વરૂપે મારી સમક્ષ હાજર રહેલી હું જોતો! તે હસતી, વાતો કરતી અને અનેક રીતે મને આશ્વાસન તથા ઉપદેશ આપતી.''

શ્રીરામકૃષ્ણને પોતાની ઈષ્ટ ભગવતીનાં પ્રથમ દર્શન આમ થયાં. જેમ જેમ તેમની આધ્યાત્મિક સાધનામાં પ્રગતિ થઈ તેમ તેમ જગદંબાનું સાતત્ય વધતું ગયું. તેઓ કહેતા: ''હું સાચે જ મારા હાથ ઉપર એમના શ્વાસનો અનુભવ કરતો. તે એક બાળા જેવા આનંદથી ઝાંઝરના ઝમકાર કરતાં મંદિરના ઉપરના માળે જઈ રહ્યાં છે અને મંદિરને પહેલે માળે ફરફરતા કેશ સાથે

ઊભેલાં ગંગા તરફ દષ્ટિપાત કરી રહ્યાં છે, તેમ જોતો.''

ક્રમે કરીને તેમણે શાંત ભાવે, દાસ્ય ભાવે, સખ્ય ભાવે, વાત્સલ્ય ભાવે અને મધુર ભાવે સાધના કરી હતી.

એક દિવસ રાણી રાસમણિ ગંગાસ્નાન કરીને મંદિરમાં આવેલ, અને શ્રીરામકૃષ્ણને કંઈક ભજન ગાવાનું કહ્યું. મધુર કંઠે ભજન શરૂ થતાં મંદિરમાં એક દિવ્ય વાતાવરણ ખડું થયું. થોડી વાર પછી ગાતાં ગાતાં શ્રીરામકૃષ્ણે જોયું કે રાણીનું ધ્યાન ભજનમાં નથી, એટલે એમણે 'અહીં પણ એ જ ચિંતા કે?' એવું બોલીને રાણીને તમાચો ચોડી દીધો! એ સાથે જ મંદિરના કર્મચારીઓમાં ભારે ખળભળાટ મચ્યો. પરંતુ રાણીએ ભોંઠપ અનુભવી, કારણ કે ભજન સાંભળતી વખત રાણીના મનમાં મુકદમાના વિચારો ચાલી રહ્યા હતા, તેથી શ્રીરામકૃષ્ણને કોઈએ કંઈ કહેવું નહીં, તેમ કહીને તેઓ પોતાના ઓરડામાં ચાલ્યાં ગયેલ.

મથુરબાબુએ આ પ્રસંગ પછી કલકત્તાના વૈદ્યરાજ ગંગાપ્રસાદ સેનની પાસે જ્ઞાનતંતુઓ નબળાં તો નથી ને! તેવી શ્રીરામકૃષ્ણની નાડીપરીક્ષા કરાવી, પણ તે વ્યર્થ જ હતી! મથુરબાબુ શ્રીરામકૃષ્ણ સાથે ચર્ચા કરતાં કહેતા કે ઈશ્વર પોતાના નિયમોને આધીન રહે છે; જ્યારે શ્રીરામકૃષ્ણ કહેતા કે જે નિયમ ઘડી શકે તે રદ પણ કરી શકે; ત્યારે મથુરબાબુ દલીલ કરતાં કહેતા હતા કે લાલ રંગના ફૂલના છોડમાં સફેદ પુષ્પો ન જ થઈ શકે; પરંતુ શ્રીરામકૃષ્ણ કહેતા કે ઈશ્વરની ઇચ્છા હોય તો તે પણ સંભવિત બને, અને બીજે જ દિવસે લાલ જાસૂદીના છોડ ઉપર એક જ ડાળી ઉપર એક લાલ અને બીજું ધોળું એમ બે પુષ્પ

ઊગેલાં તેમણે મથુરબાબુને બતાવેલ. હવે મથુરબાબુ શ્રીરામકૃષ્ણને પોતાના ગુરુ તરીકે માનવા લાગેલ. આ મહાન પૂજારીના ચિત્તની વિશુદ્ધિ નાણી જોવા માટે જે જે પ્રયાસો મથુરબાબુએ કર્યા તે દરેકમાંથી તેઓ શુદ્ધ કુંદન બનીને બહાર આવ્યા. જગદંબાએ પોતાના એ અદ્દભુત બાળકને દરેક પ્રસંગે સહાય આપી હતી.

# ૫. લગ્ન અને દક્ષિણેશ્વરમાં પુનરાગમન

શ્રીરામકૃષ્ણનાં માતા ચંદ્રાદેવીને જ્યારે સમાચાર મળ્યા કે ગદાધર પૂજા વગેરે છોડી દઈને એક પાગલની પેઠે જીવન વિતાવી રહ્યો છે ત્યારે તેમણે શ્રીરામકૃષ્ણને પાછા કામારપુકુર બોલાવી લીધા. દોઢ વર્ષ કામારપુકુર રહ્યા બાદ ત્રેવીશ વર્ષની વયે તેમનું જયરામવાટીના શ્રીરામચંદ્ર મુખોપાધ્યાયની પાંચ વર્ષની કન્યા શારદામણિ સાથે લગ્ન કરવામાં આવેલ ત્યારે ચંદ્રાદેવીને નિરાંત થઈ. પોતાનો ગાંડો ગદાઈ આખરે આનંદપૂર્વક પરણ્યો. પરણ્યા બાદ એકાદ વખત શ્રીરામકૃષ્ણ સસરાને ઘેર પણ જઈ આવ્યા હતા. પરંતુ થોડા દિવસો બાદ ફરી દક્ષિણેશ્વરનો સાદ સંભળાતાં માતા અને ભાઈની રજા લઈને એક દિવસે પાછા દક્ષિણેશ્વર આવેલ.

શ્રીરામકૃષ્ણે કામારપુકુરમાં પ્રાપ્ત કરેલી સ્વસ્થતા દીર્ઘજીવી નીવડી શકી નહીં. થોડા દિવસો વ્યતીત થયા એટલે પેલી દિવ્ય ઘેલછાએ ફરી પાછો એમનો કબજો લઈ લીધો. ક્યારેક ખભે ડાંગ રાખીને 'ગોપાલ ગોપાલ' બોલતા મંદિરના ચોગાનમાં

ઘૂમતા, કોઈ વાર કૂતરાને ભોજન કરાવતા અને બાકી વધેલું તેઓ ખાતા. ક્યારેક પૂજા કરતી વખતે તેમના માથા ઉપર પંખીઓ બેસતાં અને પૂજાના એક ભાગરૂપે દાણા માથા ઉપરથી પંખીઓ ચણતાં. ક્યારેક તેમના નિશ્ચેષ્ટ શરીર ઉપરથી સર્પો પણ પસાર થતા. ક્યારેક ગંગા તટે તેઓ એક હાથમાં માટી અને બીજા હાથમાં રૂપિયો લઈને બેસતા, પછી બોલતાઃ ''અરે આ બંનેમાં ભેદ શું છે? કંઈ નહીં!'' એમ બોલીને બંનેને ગંગામાં પધરાવી દેતા. વળી, મનમાંથી ઊંચનીચનો ભેદ ટાળવા માટે એ ગંદી જગ્યાઓ પણ સાફ કરતા.

એક દિવસ શ્રીરામકૃષ્ણ પોતાની ઓસરીમાં આંટા મારી રહ્યા હતા, પરંતુ મથુરબાબુએ જોયું કે જ્યારે તેઓ એક બાજુ ફરે છે ત્યારે જગદંબા રૂપે દેખાય છે, અને બીજી બાજુ ફરે છે ત્યારે શિવરૂપે દેખાય છે. આ અણધારી ઘટના જોઈને તેઓ દોડીને શ્રીરામકૃષ્ણના ચરણે પડીને, બાળકની માફક રડવા લાગ્યા. જ્યારે શાંત થયા અને આ ઘટનાનું વર્ણન કરી ખુલાસો માગ્યો તો શ્રીરામકૃષ્ણે પોતાની લાક્ષણિક ઢબે કહેલું: ''કોણ જાણે બાપુ, મને તો એમાંની કશી ખબર ન્રથી.''

શ્રીરામકૃષ્ણ પ્રતિ મથુરબાબુ ઊંડી પૂજ્ય બુદ્ધિ ધરાવતા હતા. પોતાની પવિત્રતા, સરળતા અને અનાસક્તિથી રામકૃષ્ણે મથુરબાબુને જીતી લીધા હતા.

# ૬. તાંત્રિક સાધના

દક્ષિણેશ્વરની દુનિયામાં તો અનેક વ્યક્તિઓ જતી-આવતી હતી, પરંતુ ભૈરવી બ્રાહ્મણીનું આગમન અત્યંત સહેતુક હતું. એ સંન્યાસિનીનું નામ હતું યોગેશ્વરી. શ્રીરામકૃષ્ણે એમની સમક્ષ પોતાનું હૃદય ખોલીને, પોતાની સાધનાની પ્રત્યેક હકીકત એ અનુભવી સંન્યાસિની સમક્ષ રજૂ કરી, અને સવાલ કર્યો: ''આ બધાં લક્ષણોનું શું રહસ્ય છે તેનો આપ ખુલાસો કરશો? શું હું ખરેખર પાગલ છું? શું શ્રી જગદંબાની અહર્નિશ પ્રાર્થના કરવાનું આ ફળ છે?''

ભૈરવીએ આનંદ તથા આશ્ચર્ય અનુભવતાં શ્રીરાધા અને ગૌરાંગની પણ આવી અવસ્થા થઈ હતી તેનું વર્ણન કરીને કહ્યું કે: ''મારી પાસે ભક્તિગ્રંથો છે, તેમાં પણ આ સાધનાનો ઉલ્લેખ અને આધાર છે.''

આ શબ્દોએ શ્રીરામકૃષ્ણના હૃદયને શાંત કર્યું.

બંને વચ્ચે પ્રથમ મિલન વખતે જ ઊભો થયેલો માતાપુત્રના જેવો સંબંધ સમય જતાં સવિશેષ ગાઢ બનવા લાગ્યો. ભૈરવી વૈષ્ણવી ભક્તિની ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યાં હતાં. શ્રીરામકૃષ્ણ પ્રતિ એમને વાત્સલ્યભાવનો ઉદય થયો. માતા યશોદા જેવા સ્નેહથી એ શ્રીરામકૃષ્ણને હોંશે હોંશે મિષ્ટ ભોજનો રાંધીને જમાડતાં. શ્રીરામકૃષ્ણની વાતો સાંભળીને ભૈરવી એવા નિર્ણય ઉપર આવ્યાં કે એમની અસાધારણ અનુભૂતિઓનું કારણ તેમનો તીવ્ર ઈશ્વરપ્રેમ છે. સંકીર્તન ચાલુ થતાં જ શ્રીરામકૃષ્ણમાં ભાવાવેશ આવતો, તેમના શરીરમાં દાહ ઉત્પન્ન થતો, તેઓ

ગંગાના પાણીમાં માથા ઉપર ભીનો ટુવાલ રાખીને બેસતા. આ બધું જોઈને બ્રાહ્મણીએ નિદાન કર્યું કે આવો જ વ્યાધિ પ્રાચીન કાળમાં રાધાને અને અર્વાચીન કાળમાં ચૈતન્યને થયો હતો. આ ઉપરથી એ એવું માનવા લાગ્યાં કે ચૈતન્યરૂપે અવતાર લેનાર ઈશ્વર ફરી પાછા શ્રીરામકૃષ્ણરૂપે અવતર્યા છે, અને છડેચોક કહેવા લાગ્યાં કે આ રામકૃષ્ણ કોઈ સામાન્ય કોટિનો ભક્ત નથી, પરંતુ ઈશ્વરનો અવતાર જ છે, અને કોઈ અગમ્ય પ્રયોજન સિદ્ધ કરવા માટે જ એનો જન્મ થયો છે.

પરંતુ મથુરબાબુ વધારે વખત શાંત રહી ન શક્યા. દક્ષિણેશ્વરની દુનિયામાં પણ બ્રાહ્મણીના વિધાનની ચર્ચા થવા લાગી. આખરે શંકા અને શ્રદ્ધા વચ્ચે ઝોલાં ખાતા મથુરબાબુએ નક્કી કર્યું કે બ્રાહ્મણીના વિધાનની યથાર્થતાને કસોટીએ મૂકવા સારુ પ્રતિષ્ઠિત પંડિતોને આમંત્રણ આપવું. વૈષ્ણવચરણ અને ગૌરીકાંત નામના બે સુપ્રસિદ્ધ પંડિતોએ બ્રાહ્મણીએ દોરેલાં અનુમાનોનો અભ્યાસ કરીને કહ્યું કે શ્રીરામકૃષ્ણ એક અસાધારણ પૂર્ણ પુરુષ છે. મથુરબાબુએ થોડા સમય બાદ બીજી સભા ભરી; તેમાં ઈશ્વરચરણ નામના પ્રકાંડ પંડિત પણ હાજર રહ્યા અને અન્ય વિદ્વાનો પણ હતા. આ સભા લાંબી ચાલી નહીં, કારણ સૌ પંડિતોએ એક જ સ્વરે કહ્યું કે, શ્રીરામકૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુનો ફરીથી થયેલો અવતાર છે, એટલે કોઈ પણ પ્રકારની ચર્ચા આવશ્યક રહેતી નથી.

'પાગલ પૂજારી'માંથી 'અવતારી' પુરુષના પદે વિરાજમાન થયા તોપણ શ્રીરામકૃષ્ણ તો નમ્ર ભક્ત જ હતા. શ્રી જગદંબાના આ બાળકે પોતાની દૃષ્ટિ શ્રી જગદંબાના પાદશ્રી ઉપરથી ખસેડી

નહીં, પરંતુ માન અને મદથી રહિત બનીને નિજાનંદે ખેલવાનો માર્ગ એમણે અપનાવ્યો.

ભૈરવી બ્રાહ્મણી શ્રીરામકૃષ્ણની માતૃવત્ સંભાળ લેતાં. અને હવે એમણે એમને તંત્રસાધના માટે તૈયાર કરવાના પ્રયત્નો પણ શરૂ કર્યા. શ્રીરામકૃષ્ણે આ તાંત્રિક સાધનાનો માર્ગ ગ્રહણ કરતાં પહેલાં શ્રી જગદંબાની અનુમતિ મેળવી હતી એ વાત એમણે પોતે પાછળથી શિષ્યોને જણાવી હતી. બ્રાહ્મણીના માર્ગદર્શન પ્રમાણે એમણે પોતાની સ્વાભાવિક ધગશથી એ કાર્યમાં ઝુકાવ્યું. ચોસઠ તંત્રગ્રંથોમાં કહેલી તમામ સાધનાઓ બ્રાહ્મણીએ એમની પાસે કરાવી. શ્રી જગદંબાની કૃપાથી શ્રીરામકૃષ્ણ એ બધી સાધનાઓમાંથી કશીય આંચ વગર પાર ઊતર્યા.

આ સાધના દરમિયાન સૌથી વિશેષ સ્મરણીય ગણી શકાય એવો અનુભવ તો કુંડલિની શક્તિના ઊર્ધ્વગમન વિશેનો ગણી શકાય. એનું વર્ણન કરતાં એ કહેતા: ‘‘પગથી તે માથા સુધી કંઈક ઝણઝણાટ કરતું ઊંચે ચડે છે. જ્યાં સુધી એ મગજ સુધી પહોંચતું નથી ત્યાં સુધી મને ભાન રહે છે, પરંતુ જે ક્ષણે એ મગજમાં પ્રવેશે છે એ જ ક્ષણે હું બાહ્ય ભાન ભૂલી જાઉં છું; આંખો અને કાનનાં કાર્યો પણ બંધ પડી જાય છે અને વાચાનો તો પ્રશ્ન જ રહેતો નથી. ‘હું’ અને ‘તું’ એવો ભેદ જ જ્યાં ઓગળી ગયો છે ત્યાં પછી કોણ બોલે? એ ગૂઢ શક્તિ કરોડરજ્જુમાંથી પસાર થતી હોય છે ત્યારે હું જે કંઈ જોઉં કે અનુભવું છું તે સઘળું તમને કહેવાનો મને કોઈ કોઈ વાર વિચાર આવે છે. જ્યારે એ શક્તિ હૃદય કે ગળા સુધી આવે છે ત્યાં સુધી બોલવાનું શક્ય હોય છે, અને હું બોલું છું પણ ખરો. પરંતુ જે

ક્ષણે એ ગળાની ઉપર ચાલી જાય છે તે જ ક્ષણે જાણે કોઈ મારા મુખને દબાવી દે છે અને હું લાચાર બની જાઉં છું.''

આ સાધનાઓને પરિણામે શ્રીરામકૃષ્ણને અષ્ટ મહાસિદ્ધિઓ સુલભ બની, પરંતુ સાચા સાધકના જેવી અનાસક્તિથી એમણે એવી સિદ્ધિઓને દૂર જ રાખી. આ તાંત્રિક સાધનાઓને કારણે એમનામાં મહાન પરિવર્તન આવ્યું. એ બાળક જેવા બની ગયા. વસ્ત્રો પહેરવાનું કે જનોઈ ધારણ કરવાનું પણ એમને ભાન રહેતું નહીં. એમની તપ:પૂત બનેલી કાયામાં એટલું તો સૌંદર્ય પ્રગટ્યું કે કેટલાંક વર્ષો સુધી તો એમની તેજોમય મુખમુદ્રા સૌનું ધ્યાન ખેંચતી રહી. એમની સોનાવરણી કાયા સાથે એમનું સોનાનું માદળિયું જાણે કે એકરસ બની જતું હતું. એમના દેહલાવણ્યને લોકો તાકી તાકીને જોઈ રહેતા; એમનું આખું શરીર જાણે પ્રકાશમય હોય એવું સૌને લાગતું. અન્યની દૃષ્ટિથી બચવા માટે શરીરે તેઓ ક્યારેક શાલ વીંટાળી રાખતા અને શ્રી જગદંબાને પ્રાર્થના કરતા કે બાહ્ય સૌંદર્યને બદલે એ આંતરસૌંદર્ય અને શુદ્ધિનું દાન કરે. શરીરને ટકોરા મારીને એ કહેતા: ''અંદર ડૂબ!''

શ્રીરામકૃષ્ણે પ્રત્યેક તાંત્રિક ક્રિયા કેવળ ત્રણ દિવસમાં જ પાર કરી હતી. આવી એમની ન માની શકાય એવી શક્તિનું કારણ એટલું જ કે વર્ષો સુધી એમણે જગદંબાનો સાક્ષાત્કાર કરવા માટે કઠિન તપ આચર્યું હતું. એમની અનોખી અને અપૂર્વ તાંત્રિક સાધનાએ પુરવાર કર્યું કે પ્રાચીન તાંત્રિક ક્રિયાઓનું વિશુદ્ધ રીતે પુનરુત્થાન શક્ય છે. આ આજન્મ સાધકના જીવનની એ જ મહત્તા છે.

# ૭. નિર્વિકલ્પ સમાધિ

દક્ષિણેશ્વરનું કાલિમંદિર અનેક પ્રકારના ભક્તો અને સાધુઓનું પ્રિય ધામ થઈ પડ્યું હતું. ગંગાનો પવિત્ર તટ, આસપાસનું એકાંતમય વાતાવરણ અને રાણી રાસમણિની ઉદારતા - આ સર્વે કારણોને લીધે અનેક ભ્રમણશીલ સાધુસંતો અહીં ખેંચાઈ આવતા. અંગ્રેજી ભણેલા પોતાના કેટલાક શિષ્યોને શ્રીરામકૃષ્ણે એક વખત કહ્યું હતું: બંગાળના યુવાનવર્ગે તો આ મંદિરમાં આવવાની શરૂઆત કેશવચંદ્ર સેનના આગમન પછી જ કરી. પરંતુ જુદા જુદા સંપ્રદાયના અસંખ્ય સાધુસંતો, યતિઓ અને ભક્તો તો એથીયે પહેલાં ઘણા લાંબા સમયથી અહીં આવ્યા જ કરતા. ગંગાસાગર કે જગન્નાથપુરીની યાત્રાએ જતાં તેઓ અહીં થોડા દિવસો સુધી રોકાઈ જતા.

ભૈરવી બ્રાહ્મણીના બોલાવવાથી બારીસાલ જિલ્લાના ચંદ્ર અને ગિરિજા નામના બે સિદ્ધ પુરુષો પણ આવેલા અને તેમાંથી એકને અવકાશમાં અદૃશ્ય થવાની, બીજાને અંધકાર સમયે પોતાની પીઠમાંથી પ્રકાશ ઉત્પન્ન કરવાની સિદ્ધિ હતી. તેમણે પોતાની આ સિદ્ધિઓ શ્રી જગદંબાને ચરણે અર્પણ કરીને શ્રીરામકૃષ્ણના આદેશ અનુસાર ઈશ્વર-સાક્ષાત્કાર અર્થે સાધના કરી હતી.

એક મહાત્માનો ખજાનો માત્ર એક પુસ્તક જ હતું. શ્રીરામકૃષ્ણ કહેતા કે: ''મેં ખૂબ દબાણ કર્યું ત્યારે તે પુસ્તક તેણે મને જોવા આપ્યું. એ પુસ્તક ઉઘાડતાં, દરેક પાના ઉપર મેં માત્ર બે જ શબ્દો: '' 'ૐ રામ' લાલ રંગના મોટા

અક્ષરોમાં લખાયેલા દીઠા.'' એણે ખુલાસો કરતાં કહ્યું: ''પુસ્તકોનો ભંડાર વાંચી નાખવાથી શો ફાયદો છે? વેદો, પુરાણો અને અન્ય સકલ શાસ્ત્રોનું એકમાત્ર ઉદ્ભવ સ્થાન ઈશ્વર છે. એની તથા એના નામની વચ્ચે કશો ભેદ નથી. ચાર વેદો, અઢાર પુરાણો અને અન્ય સકલ શાસ્ત્રોમાં જે કંઈ જ્ઞાન ભર્યું છે તે સઘળું એક એના નામમાં આવી રહેલું છે, એટલે હું તો કેવળ એના નામથી જ સંતુષ્ટ રહું છું.''

આવા જ સાધુસંતોના સમાગમમાં તાંત્રિક સાધના પછી તેમણે હનુમાનની જેમ વૃક્ષ ઉપર રહીને શ્રી સીતાજીનાં દર્શન કરેલ. ક્યારેક યશોદાની જેમ લાલાને રમાડીને વાત્સલ્યભાવની સાધના પણ કરી. વળી થોડો વખત સ્ત્રીઓની જેમ શૃંગાર કરીને શ્રીકૃષ્ણ પ્રત્યેની મધુરભાવની સાધના પણ કરી; એટલું જ નહીં પણ તેઓએ થોડો વખત નમાજ પઢીને તથા શ્રીયુત માઇકલ મધુસૂદન પાસેથી ખ્રિસ્તી ધર્મની સાધના કરીને ઈશુ ખ્રિસ્તનાં દર્શન પણ કરેલાં.

આમ અત્યાર સુધીના જીવનમાં તેમણે આત્મસંયમ, એકાગ્રતા, શ્રદ્ધા તેમ જ મુમુક્ષુત્વ જેવા ગુણોને સહેલાઈથી અંગીકાર કર્યા હતા. બરાબર આ જ સમયે શ્રીરામકૃષ્ણને એક આધ્યાત્મિક સાક્ષાત્કારવાળા ગુરુ મળી ગયા. આ ગુરુએ એમનો અદ્વૈત વેદાન્તનાં ગૂઢ તત્ત્વોમાં પ્રવેશ કરાવ્યો. એ ભવ્ય આગંતુકનું નામ હતું પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામી તોતાપુરીજી. કહેવાય છે કે પવિત્ર રેવાતટે કોઈ એકાંત જંગલમાં આ તોતાપુરીએ સાધના કરી હતી અને ચાળીસ વર્ષો સુધી ભારે તપ કરીને નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ કરી હતી.

જ્યારે તોતાપુરીએ ઈચ્છા પ્રકટ કરી કે તેઓ શ્રીરામકૃષ્ણને અદ્વૈત વેદાન્તનો અભ્યાસ કરાવવા માગે છે, ત્યારે શ્રીરામકૃષ્ણે કાલિમંદિરમાં જઈને ભાવાવેશમાં શ્રી જગદંબાને આ સમગ્ર વાત કહી સંભળાવતાં તેમણે માનો આદેશ સાંભળ્યો: ''હા, બેટા! જા અને તેની પાસેથી શીખ; એ માટે જ એમનું અહીં આવવું થયું છે.'' અર્ધ ભાવાવેશની અવસ્થામાં, પ્રફુલ્લ વદને એ પાછા ફર્યા અને તોતાપુરીને જણાવ્યું કે માએ 'હા' કહી છે.

તોતાપુરીએ શ્રીરામકૃષ્ણને કહ્યું કે અદ્વૈત વેદાન્તનો અભ્યાસ, અથવા એ માર્ગે જવા માટે શાસ્ત્રવિહિત સાધના શરૂ કરતાં પહેલાં વિધિપૂર્વક સંન્યસ્ત દીક્ષા લેવી જોઈએ; વળી એ માટે વર્ણ અને આશ્રમનાં સૂચક શિખા અને યજ્ઞોપવીત જેવાં ચિહ્નોનો પણ ત્યાગ કરવો જોઈએ; આટલું કર્યા પછી જ અદ્વૈત વેદાન્તની સાધનાનો આરંભ થઈ શકે. શ્રીરામકૃષ્ણે ઉત્તર આપ્યો: ''અંગત રીતે એવી દીક્ષા લેવામાં મને કશો બાધ નથી. પરંતુ એકાદ વર્ષથી મારાં વૃદ્ધ માતા પોતાના જીવનનાં શેષ વર્ષો અહીં દક્ષિણેશ્વરના પવિત્ર ધામમાં ગંગાતીરે ગાળી રહ્યાં છે. મથુરબાબુએ ઉદારતાપૂર્વક એમને માટે એક એવો ઓરડો કાઢી આપ્યો છે કે જ્યાંથી એ ગંગાનાં દર્શન સહેલાઈથી કરી શકે. મારાં વૃદ્ધ માતાને જો ખબર પડે કે પોતાનો પુત્ર સંન્યાસી થઈ ગયો છે તો એ એમને માટે અસહ્ય થઈ પડે. એટલે ખાનગી રીતે હું સંન્યાસદીક્ષા ગ્રહણ કરવાને તૈયાર છું.'' તોતાપુરીજી શ્રીરામકૃષ્ણની આ મુશ્કેલી સમજ્યા અને બોલ્યા: ''ભલે, હું તમને ખાનગીમાં દીક્ષા આપીશ.''

આખરે એ મંગળ દિવસે કે જ્યારે રાત્રિ લગભગ પૂરી થવા

આવેલ, ત્યારે રાત્રિના છેલ્લા અર્ધ પ્રહરની નીરવ શાંતિમાં ગુરુ અને શિષ્ય પંચવટીમાં આવેલ. શિખા અને યજ્ઞોપવીતનું વિધિપૂર્વક વિસર્જન કરી, આ નવદીક્ષિત સંન્યાસીએ આ લોકના તેમ જ પરલોકના ભોગોના ત્યાગનો સંકલ્પ કરી સંન્યાસી જીવનનાં પ્રતીક સમાં કૌપીન અને ભગવું વસ્ત્ર ધારણ કર્યાં.

એ અર્ધ પ્રહર પણ વીત્યો, અને નવા દિવસનો ઉદય થયો. ભારત માટે – જગત માટે એ ખરેખર ધન્ય દિવસ હતો, કારણ કે ભાવિની અનેક શક્યતાઓનો એમાં સંદેશ હતો. એ દિવસે પ્રાચીન વેદધર્મને એક નવો ત્યાગી ઋષિ સાંપડ્યો અને જગતે એક એવા મહાપુરુષનો ઉદય જોયો કે જેનામાં બુદ્ધનો વિશ્વવ્યાપી પ્રેમ અને શંકરાચાર્યની તીક્ષ્ણ મેધા એકીસાથે વસી રહ્યાં હતાં. પૂર્વ અને પશ્ચિમ વચ્ચે એક સેતુ બાંધવા માટે અને ભૂતકાળના ધર્મોનો ભાવિ સાથે સુમેળ બેસાડવા માટે એ નવા યુગપુરુષનો જન્મ થયો.

દીક્ષા આપ્યા પછી જે બન્યું તેનું વર્ણન આપણે શ્રીરામકૃષ્ણના જ શબ્દોમાં વાંચીએ:

''દીક્ષા આપ્યા પછી નાગાજીએ મને અદ્વૈત વેદાન્તના જુદા જુદા સિદ્ધાંતો શીખવવાની શરૂઆત કરી. એમણે મને સઘળા દશ્યપદાર્થોમાંથી ચિત્તને લઈને આત્મામાં જોડવાનું કહ્યું. અદ્વૈત વેદાન્તના ઉપદેશો ઉપર મારું મન એકાગ્ર કરવાના મેં અનેક પ્રયત્નો કર્યા, પરંતુ દર વખતે જગદંબાની મૂર્તિ મારી સામે આવીને ખડી થઈ જતી. નિરાશ થઈને મેં નાગાજીને કહ્યું: 'મને આશા નથી. પરમોચ્ચ ભૂમિકા સુધી મારા મનને લઈ જઈને પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનું મારાથી બની શકે એમ નથી.' એ

ઉશ્કેરાઈ ગયા અને તીખાશથી કહ્યું: 'એમ કેમ? નહીં શા માટે બની શકે? તમારે એ કરવાનું જ છે.' એમણે આમતેમ નજર નાખી અને પાસે પડેલો કાચનો એક અણીદાર ટુકડો ઉઠાવીને એની અણી મારી ભમ્મરો વચ્ચેના ભાગમાં ઘોંચીને એ બોલ્યા: 'આ ભાગ ઉપર મનને એકાગ્ર કરો.' પછી દૃઢ નિશ્ચય કરીને હું ફરીથી ધ્યાનમાં બેઠો અને જેવી શ્રી જગદંબાની મૂર્તિ મારી સમક્ષ ખડી થઈ કે તરત જ વિવેકરૂપી ખડગ મેં કલ્પી લીધું અને એનાથી એ મૂર્તિને દ્વિધા છિન્ન કરી નાખી. બસ, પછી મનને કશો અવરોધ રહ્યો નહીં. મારું મન તરત જ આ માયામય ભૂમિકાની પેલે પાર ગયું અને હું સમાધિમાં મગ્ન બન્યો.'' આત્માનો પરમાત્મામાં લય થયો અને દ્વૈતનો, અર્થાત્ દૃશ્ય અને દ્રષ્ટાનો ભાવ લય પામ્યો. મન અને વાણીથી પર એવા બ્રહ્મતત્ત્વ રૂપ થઈને શ્રીરામકૃષ્ણ બ્રાહ્મી સ્થિતિ પામ્યા.

શિષ્યને શાંતિપૂર્વક જોતા તોતાપુરી ત્યાં ઘણો સમય બેસી રહ્યા. એમને સંપૂર્ણ રીતે નિશ્ચેષ્ટ જોઈને એ ચૂપકીથી ઓરડાની બહાર નીકળી ગયા અને પોતાની જાણ બહાર એની અંદર કોઈ પ્રવેશ ન કરે એ હેતુથી એમણે ઓરડાને તાળું માર્યું. ત્યાર બાદ એ બહાર બેઠા. અંદરથી શ્રીરામકૃષ્ણની ઓરડો ખોલવાની વિનંતી સાંભળવાની રાહ જોઈ રહ્યા; એ દિવસ પૂરો થયો અને રાત પડી; બીજો અને ત્રીજો દિવસ પણ ગયો. એ ત્રણ ત્રણ દિવસોને અંતે અંદરથી કશો સાદ સંભળાયો નહીં. તોતાપુરી દિંગ થઈ ગયા. અંદર જઈને જોયું તો બ્રહ્મધ્યાનની અવસ્થામાં ઊંડે ઊતરી ગયેલા શ્રીરામકૃષ્ણના દેહમાં ચેતનાનું કશું જ ચિહ્ન ન મળે! મુખમુદ્રા ઉપર શાંતિ, ગાંભીર્ય અને દીપ્તિ રમ્યા કરે.

એમણે જાણી લીધું કે હજી. શિષ્યને બાહ્ય જગતનું લેશમાત્ર પણ ભાન નથી. અને સ્થિર આત્મજ્યોતિમાં એનું મન તદ્રૂપ બન્યું છે.

પરમ આશ્ચર્ય અનુભવતા તોતાપુરી તો આ અદ્‌ભુત દશ્ય જોઈ જ રહ્યા. એમને થયું: ''શું આ સાચું હશે? જે સાધના કરતાં મને ચાળીસ વર્ષો સુધી તીવ્ર પુરુષાર્થ કરવો પડ્યો, તેની પ્રાપ્તિ આ પુરુષને કેવળ એક જ દિવસમાં થઈ? શું એ શક્ય છે? તેઓ બોલી ઊઠ્યા: ''વાહ! આ તો એક ચમત્કાર છે!'' એ હતી નિર્વિકલ્પ સમાધિ અથવા તો અદ્વૈત સાધનાની અંતિમ અનુભૂતિની અવસ્થા.

સામાન્ય રીતે તોતાપુરી ક્યાંય પણ ત્રણ દિવસથી વધારે રોકાતા નહીં. પરંતુ દક્ષિણેશ્વરના ઉદ્યાનમાં એ અગિયાર માસ સુધી રોકાઈ ગયા, કારણ કે પોતાના આ અદ્‌ભુત શિષ્યને અદ્વૈત જ્ઞાનના સર્વોચ્ચ શિખરે સ્થાપવાની એમની ઇચ્છા હતી.

શ્રીરામકૃષ્ણ પાછળથી સદૈવ પોતાના ભક્તો પાસે તોતાપુરીના શબ્દોને યાદ કરીને કહેતા: ''જો પાત્રને દરરોજ સાફ ન કરું તો એ કાળું પડી જાય. મનુષ્યના મનનું પણ એવું જ છે. જો મનુષ્ય દરરોજ એને ધ્યાન-ભજનથી શુદ્ધ ન રાખે તો એ મલિન બની જાય.'' ગુરુના આ ઉપદેશનું સ્મરણ કર્યા પછી પોતે પણ નિયમિત ધ્યાન કરતા અને શ્રીરામકૃષ્ણ પોતાના શિષ્યોને પણ બ્રહ્મજ્ઞાન પામ્યા પછી પણ સાધનામાં પ્રમાદ ન કરવા હંમેશાં આગ્રહ રાખતા.

# ૮. દક્ષિણેશ્વરમાં શ્રીશારદામણિદેવી

શ્રીરામકૃષ્ણ ભૈરવી બ્રાહ્મણીને સાથે લઈને જ્યારે હવાફેર કરવા કામારપુકુર પોતાને ઘેર ગયા હતા ત્યારે શારદામણિદેવીને તેમના પિયર જયરામવાટીથી તેડાવી લીધાં હતાં. તે પછીનાં ચાર વરસના ગાળામાં શ્રીરામકૃષ્ણે પત્નીને પોતાની પાસે તેડાવી ન હતી. પરંતુ દોલપૂર્ણિમાના ગંગાસ્નાન માટે દૂર દૂરનાં ગામડાંઓમાંથી લોકો કલકત્તા આવતાં હતાં, ત્યારે પોતાના પિતાની સાથે તેઓ પણ મુસાફરીના થાક અને તાવથી કૃશ શરીર સાથે અચાનક દક્ષિણેશ્વર આવી પહોંચ્યાં હતાં. તેમને જોઈને શ્રીરામકૃષ્ણ ખૂબ જ દુ:ખી થયા, અને કહેવા લાગ્યા: ''અરે, તમે આટલાં મોડાં આવ્યાં? હવે શું મારો મથુર છે તે તમારી સંભાળ લે?'' કારણ તેઓ આવ્યાં તે પૂર્વે મથુરબાબુનું પણ નિધન થયું હતું. તેથી શ્રીરામકૃષ્ણે જ એમને પોતાનાં માતાની સાથે નોબતખાનાની ઓરડીમાં રહેવા મોકલી આપેલ. શ્રીરામકૃષ્ણની કાળજીભરી સારવારથી ત્રણચાર દિવસોમાં શારદામણિદેવીની તબિયત સુધર્યા બાદ, પુત્રીને સંતુષ્ટ અને પ્રસન્ન જોઈને રાજી થયેલા પિતા રામચંદ્ર પણ બેચાર દિવસ પછી જયરામવાટી પાછા ફર્યા.

શ્રીરામકૃષ્ણે હવે પત્નીને વહેવારની કેળવણી આપવાનું ચાલુ કર્યું. પોતાની અનુભૂતિઓની સંગીનતા પણ એ તપાસતા રહેતા. વહેવાર કેમ ચલાવવો તેની કેળવણીથી માંડીને પૂજા, જપ, ધ્યાન વગેરે કેવી રીતે કરવાં ત્યાં સુધીની કેળવણી એમના કર્તવ્યક્ષેત્રમાં આવી જતી હતી. ઉપદેશ આપીને એ બેસી ન

રહેતા, પરંતુ પોતાની સૂચનાઓનો અમલ બરાબર થાય છે કે નહીં તે પણ જોતા, અને જ્યાં શારદાદેવીની ભૂલ થાય ત્યાં ફરી સમજણ પાડીને પ્રેમપૂર્વક એ સુધરાવી લેતા.

શારદાદેવીને ઈશ્વર સંબંધે વાત કરતાં શ્રીરામકૃષ્ણ કહેતા: ''જેમ ચાંદામામા સૌના મામા છે તેમ ઈશ્વર પણ સૌનો છે; એને ભજવાનો મનુષ્યમાત્રનો સરખો હક છે. જેઓ એને બોલાવે, તેમની સમક્ષ એ કરુણાનિધિ પ્રગટ થાય. તમે પણ જો એને બોલાવો તો જરૂર એનાં દર્શન તમે પણ કરી શકશો.''

આમ, શ્રીરામકૃષ્ણનું ગૃહજીવન સરળતાથી શરૂ થયું, તથા તેને કેટલોક સમય વીતી ગયો. એ અરસામાં શ્રીરામકૃષ્ણના મનમાં એક અવનવી ઈચ્છા જાગી. શક્તિતંત્રોમાં વર્ણવેલી ત્રિપુરા સુંદરી-પૂજા કરવાની અભિલાષા તેમના મનમાં ઊઠી. સોળ વરસની સુંદરી સ્ત્રીમાં સાક્ષાત્ જગદંબાની પ્રતિષ્ઠા કરીને તેનું જગન્માતા રૂપે પૂજન કરવું, એને ત્રિપુરા સુંદરી-પૂજા અથવા 'ષોડશી-પૂજા'ના ટૂંકા નામથી પણ ઓળખવામાં આવે છે. ઈ. સ. ૧૮૭૨ના મે માસમાં કાલિપૂજા માટે શુભ મનાતી ફલાહારિણી અમાસની રાત્રિએ ષોડશી-પૂજા માટે રાત્રિ થાય ત્યારે પોતાના ઓરડામાં હાજર રહેવા શારદાદેવીને શ્રીરામકૃષ્ણે કહ્યું હતું. રાત્રિના નવ વાગ્યા એટલે શ્રીરામકૃષ્ણ પૂજકના આસન ઉપર બેઠા. પૂજાનો શરૂઆતનો વિધિ બધો પૂરો કરીને એમણે શારદાદેવીને ઈશારતથી બોલાવ્યાં અને દેવીના આસન પર બેસવાની સૂચના કરી. ઊભાં ઊભાં પૂજ્યભાવપૂર્વક આ સર્વ વિધિ નિહાળી રહેલાં શારદાદેવીને અર્ધભાવ-અવસ્થા તો એ નિહાળતાં નિહાળતાં જ થઈ ગઈ હતી, એટલે પોતે જાણે કે

મંત્રમુગ્ધ વ્યક્તિની પેઠે આગળ આવીને ચુપચાપ પેલા દેવીના આસન પર બેસી ગયાં. એ પછી મંત્રોચ્ચાર સહિત સંપૂર્ણ વિધિપૂર્વક શ્રીરામકૃષ્ણે જગદંબા રૂપે શ્રીશારદામણિદેવીની પૂજા કરી. પૂજા દરમિયાન શારદામણિદેવી સમાધિસ્થ થયાં, અને પૂજા પૂરી થયા પછી શ્રીરામકૃષ્ણ પણ ઊંડી સમાધિમાં મગ્ન બન્યા. આરાધક અને આરાધ્યદેવી બંને જગતથી તથા દેહભાનથી અતીત અવસ્થા પામીને આત્મસ્વરૂપે એક બન્યાં. એવી રીતે કેટલાક કલાક નીકળી ગયા. મધરાત વીતી ગયા પછી શ્રીરામકૃષ્ણને સહેજસાજ ભાન આવ્યું એટલે વિધિપૂર્વક મંત્રોચ્ચાર કરીને એમણે પોતાની જાતને, જીવનભરની સાધનાના ફળને અને જપમાળાને શારદાદેવીને ચરણે અર્પણ કર્યાં અને એમને વંદન કર્યું.

તંત્રગ્રંથોમાં ‘ષોડશી-પૂજા’ તરીકે ઓળખાતી આ પૂજા કરીને શ્રીરામકૃષ્ણે અનેક વર્ષોથી ચાલ્યા આવતા પોતાના સાધના-યજ્ઞમાં પૂર્ણાહુતિ આપી. એ રીતે સાધનાની પરાકાષ્ઠા સાધીને એમણે શારદામણિદેવી રૂપી જીવતી-જાગતી પ્રતિમા દ્વારા જગન્માતાને ચરણે પોતાનું સર્વસ્વ ધરી દીધું. એમની આધ્યાત્મિક અનુભૂતિમાં વિશ્વની વસ્તુમાત્ર ઈશ્વરના પ્રતીક સમી બની રહી.

# ૯. નરેન્દ્રનાથ

હવે શ્રીરામકૃષ્ણનું નામ કલકત્તાવાસીઓને હૈયે વસવા લાગ્યું હતું. બ્રાહ્મસમાજના અનેક ભક્તો અને શ્રી કેશવચંદ્ર સેન પણ શ્રીરામકૃષ્ણના ભક્ત થયા હતા. તેમના સિવાય શ્રી રામચંદ્ર દત્ત, મનમોહન મિત્ર, સુરેન્દ્ર, કેદાર, લાટુ, રાખાલ, વૃદ્ધ ગોપાળ, હરીશ ભવનાથ, તારકનાથ, નિત્ય ગોપાલ, બલરામ બોઝ, બાબુરામ, નિરંજન, પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ગિરીશચંદ્ર ઘોષ વગેરેનાં નામ વિશેષ ઉલ્લેખનીય છે. પરંતુ તેમના સૌના સિવાય શ્રીરામકૃષ્ણનાં જીવન-કવન પર વધુ પ્રકાશ તો શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત અને શ્રી નરેન્દ્રનાથ દત્તે જ પાડેલો. શ્રીરામકૃષ્ણનાં વચનામૃતોને મુમુક્ષુઓના બહુવિધ કલ્યાણ માટે શબ્દબદ્ધ કરીને શ્રીરામકૃષ્ણ કથામૃતના રૂપમાં ગ્રંથ લખનાર શ્રી 'મ'ના નામથી જાણીતા થયેલા, શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત સને ૧૮૮૨ના માર્ચ માસમાં પહેલવહેલા શ્રીરામકૃષ્ણને મળવા ગયા હતા, અને ત્યાર બાદ શ્રીરામકૃષ્ણ તેમના જીવનનું એક અવિભાજ્ય અંગ બનીને રહેલ.

આવો જ એક યુવક નરેન્દ્રનાથ દત્ત, સુરેન્દ્રનાથ મિત્રને ત્યાં પહેલી વાર શ્રીરામકૃષ્ણને મળ્યો. અઢાર વર્ષની વયના નરેન્દ્રે એ વખતે સુંદર ભજનો ગાયાં, એ વખતે જ શ્રીરામકૃષ્ણની વેધક દૃષ્ટિએ એ નવયુવકના અતૃપ્ત આત્માને છેક ઊંડાણ સુધી નિહાળી લીધો. એમને આ મધુર ગાયક પ્રતિ આકર્ષણ થયું અને એમણે એને દક્ષિણેશ્વર આવવાનું આમંત્રણ આપ્યું. આગળ ઉપર આ મુલાકાતને યાદ કરતાં શ્રીરામકૃષ્ણે કહેલું: ''મેં

એનામાં પોશાકની કશી ટાપટીપ, જરાયે ગુમાન કે બાહ્ય વસ્તુઓ પ્રત્યે જરા પણ આસક્તિ જોયાં નહીં. એની આંખોમાં જાણે કોઈ શક્તિ એના આત્માના અંતસ્તલનો કબજો લઈને બેઠી હોય એવો ભાસ થતો હતો. મને થયું: ''આવો માણસ પણ આ કલકત્તામાં હોઈ શકે?''

નરેન્દ્ર જ્યારે પહેલી વખત દક્ષિણેશ્વર આવ્યા ત્યારે પણ તેમણે થોડાંક બંગાળી ભજનો ગાયાં હતાં. એ સાંભળીને શ્રીરામકૃષ્ણને ભાવાવેશ થઈ આવ્યો હતો, પછી શું બન્યું એનું વર્ણન આપણે નરેન્દ્રને જ કરવા દઈએ:

''મેં ભજન તો ગાયું, પણ પછી તરત જ તેઓ એકદમ ઊઠ્યા અને મારો હાથ પકડીને મને ઉત્તરની ઓસરીમાં લઈ ગયા. અમે બંને એકલા હતા. મેં ધાર્યું કે તેઓ મને કંઈક ખાનગી ઉપદેશ આપશે; પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે મારો હાથ ઝાલીને તેઓ પુષ્કળ હર્ષાશ્રુ વહાવવા લાગ્યા. પછી કેમ જાણે કે કેટલાયે સમયથી તેમનો પરિચિત હોઉં એ રીતે પ્રેમપૂર્વક એ બોલવા લાગ્યા: 'અરે, આટલું બધું મોડું અવાય કે? સંસારી લોકોની વાતો સાંભળી સાંભળીને મારા કાન સળગી ગયા છે. અરે! મારી અનુભૂતિઓ ઝીલી શકે એવી કોઈ વ્યક્તિ આગળ મારા મનનો ભાર હળવો કરવા હું કેવો ઝંખી રહ્યો છું!' ડૂસકાં ખાતાં ખાતાં એમણે આમ બોલ્યે જ રાખ્યું. બીજી જ પળે હાથ જોડીને તેઓ મારી સમક્ષ ઊભા રહ્યા અને કહેવા લાગ્યા: 'પ્રભો! હું જાણું છું કે તમે તે પ્રાચીન નરઋષિ છો અને માનવજાતિનાં દુઃખો દૂર કરવા માટે ધરતી ઉપર અવતર્યા છો.'... અને એ રીતે તેઓ બોલતા જ રહ્યા! પછી પોતાના

ઓરડામાંથી થોડી મીઠાઈ, સાકર અને માખણ પોતાના જ હાથ વડે મને ખવડાવવા લાગ્યા, અને જ્યારે હું જવા લાગ્યો ત્યારે મારો હાથ પકડીને તેઓ બોલ્યાઃ 'મને વચન આપ કે પાછો જલદીથી મને મળવા તું એકલો આવીશ''.

હવે તો નરેન્દ્ર અનેક વાર આવતો અને શ્રીરામકૃષ્ણની અનેક રીતે પરીક્ષા પણ કરતો અને તેમની પાસે બેસીને ધ્યાન પણ કરતો. નરેન્દ્રનાથ આવવા લાગ્યા ત્યારે શ્રીરામકૃષ્ણ કહેતા કે: ''નરેન્દ્ર પૂર્ણાવસ્થાએ પહોંચેલા અને ધ્યાનસિદ્ધ ઋષિ જ છે, અને જે દિવસે એને પોતાના એ ખરા સ્વરૂપનું જ્ઞાન થશે તે દિવસે યોગબળથી સ્વેચ્છાએ એ પોતાના દેહનો ત્યાગ કરી દેશે.'' અને એવી જ રીતે નરેન્દ્રનાથ પણ કહેતા કે: ''મને મળ્યા તે ઘડીથી જ શરૂઆત કરીને ઠેઠ સુધી જો કોઈએ પણ મારામાં એકસરખો વિશ્વાસ મૂક્યો હોય તો તે એકલા શ્રીરામકૃષ્ણ જ હતા; મારી માતા તથા ભાઈઓએ પણ મારામાં એવો વિશ્વાસ મૂક્યો ન હતો. જે અખૂટ વિશ્વાસ અને પ્રેમ તેમણે દર્શાવ્યાં તેનાથી જ હું સદાને માટે એમની પાસે બંધાઈ રહ્યો. બીજા માણસને કેમ ચાહવો એ તો એકલા એ જ જાણતા હતા; સંસારીઓ તો માત્ર સ્વાર્થ સાધી લેવા માટે પ્રેમનો ડોળ જ કરતા હોય છે.''

# ૧૦. દક્ષિણેશ્વરથી વિદાય

શ્રીરામકૃષ્ણના જીવનની લગભગ પચાસ વર્ષોની સમયમર્યાદાનું આપણે અવલોકન કર્યું. સને ૧૮૮૫નું વર્ષ પણ અર્ધ ઉપરાંત પસાર થઈ ગયું હતું. દક્ષિણેશ્વરના સંતને હવે દક્ષિણેશ્વરનો ત્યાગ કરીને અન્યત્ર જઈ રહેવાનો સમય નજીક આવી લાગ્યો. એ વર્ષે ગ્રીષ્મ ઋતુમાં અસહ્ય ગરમી પડી, તેથી રામકૃષ્ણ બહુ જ અસ્વસ્થતા અનુભવવા લાગ્યા. ઉકળાટમાં જરા આરામ લાગે એટલા માટે શિષ્યો બરફ ખૂબ લાવતા, અને શ્રીરામકૃષ્ણ પણ નાના બાળકની જેમ બરફ ખાઈને બહુ આનંદિત થતા. પરંતુ અતિમાત્રામાં બરફના ઉપયોગથી ધીમે ધીમે શ્રીરામકૃષ્ણને ગળામાં દર્દ થવા લાગ્યું; પણ જ્યારે દર્દ વધી ગયું ત્યારે ભક્તો ચોંકી ઊઠ્યા. દૂર દૂરથી ભક્તો તેમના સ્વાસ્થ્યના સમાચાર જાણવા આવતા, અને શ્રીરામકૃષ્ણ પણ સૌ સાથે વાતો કરતા. ઈશ્વર સંબંધી વાત કર્યા વિના કેમ ચાલે? કઠણ ખોરાકથી ગળું છોલાતું હતું; અને પછી તો ગળામાંથી લોહી પણ પડવા લાગ્યું; ત્યારે સૌથી પહેલાં નરેન્દ્રે જ કહ્યું કે, ''એમના ગળાના વ્યાધિએ હવે કેન્સરનું રૂપ પકડ્યું છે. આ દર્દ માટે હજી સુધી તો કોઈ ઈલાજ શોધાયો નથી.'' ત્યાર બાદ થોડા દિવસ બલરામને ત્યાં હોમિયોપથી ઉપચાર માટે કલકત્તા અને ત્યાર બાદ ડૉ. મહેન્દ્રનાથ સરકારની સારવાર હેઠળ શ્યામાપુકુરમાં રહ્યા હતા. પરંતુ અંતે કલકત્તાનાં હવાપાણી અનુકૂળ નથી એવો મત દર્શાવીને ડૉ. સરકારે શ્રીરામકૃષ્ણને શહેરથી બહાર શાંત વાતાવરણમાં લઈ જવાની ભલામણ કરી.

સને ૧૮૮૫ની ૧૧મી ડિસેમ્બરે શ્રીરામકૃષ્ણને ગોપાલચંદ્ર ઘોષના કાશીપુર ખાતે ચિત્તને પ્રસન્ન કરે એવાં પ્રકૃતિનાં દૃશ્ય, સ્વચ્છ હવા અને પ્રેરક એકાંતવાળા મકાનમાં લઈ જવામાં આવેલ.

ધીમે ધીમે કાશીપુરમાં સેવાતંત્ર વ્યવસ્થિત ગોઠવાઈ ગયું. નરેન્દ્રનાથ એ સૌની પ્રેરણામૂર્તિ હતો. ગુરુસેવાની ભાવનાથી પ્રેરાયેલા આ આદર્શપ્રિય યુવાનોની સંખ્યા બારની* હતી. તેઓ દરેકમાં ત્યાગભાવના અને ગુરુ પ્રત્યેની અનન્ય ભક્તિ ઊભરાઈ રહ્યાં હતાં. શ્રીરામકૃષ્ણ માટે માતાજી રસોઈ બનાવતાં. શ્રીરામકૃષ્ણની ભત્રીજી લક્ષ્મીદેવી પણ માતાજીની સહાયમાં રહ્યાં હતાં. નરેન્દ્ર વગેરે યુવકો ગુરુદેવની સેવા કરતા અને ક્યારેક મધ્યરાત્રિએ ખુલ્લા આકાશ નીચે ધૂણી જલાવીને ધ્યાન પણ કરતા. ત્યારે તેઓ એવો અનુભવ કરતા કે ધૂણીમાં તેમની તૃષ્ણાઓ બળી રહી છે અને અંતરની અશુદ્ધિઓ નષ્ટ થઈ રહી છે.

એક દિવસ પંડિત શશધર તર્કચૂડામણિએ ત્યાં આવીને કહ્યું કે: ''દૃઢ સંકલ્પ કરીને જો આપ વ્યાધિગ્રસ્ત ભાગ ઉપર મનને કેન્દ્રિત કરો તો વ્યાધિ તરત જ દૂર થઈ જાય. તો આપ શા માટે પ્રયત્ન કરતા નથી?'' એક પળનો પણ વિલંબ કર્યા વગર શ્રીરામકૃષ્ણે જવાબ આપ્યો: ''તમે પંડિત થઈને કાચી વાત કેમ કરો છો? જે મન મેં હંમેશને માટે ઈશ્વરને સોંપી દીધું છે, એને પાછું વાળીને આ માંસરુધિરના સડેલા માળખા ઉપર કેન્દ્રિત કરવાનું શી રીતે બની શકે?'' પંડિત નિરુત્તર થઈ ગયા.

* એમનાં નામ : નરેન્દ્ર, રાખાલ, બાબુરામ, નિરંજન, જોગીન, લાટુ, તારક, મોટો ગોપાળ, કાલી, શશી, શરદ અને નાનો ગોપાળ.

સને ૧૮૮૬ના જાન્યુઆરીની પહેલી તારીખ હતી. આજે શ્રીરામકૃષ્ણને જરા સારું હતું, એટલે બાગમાં ફરવાની તેમણે ઇચ્છા દર્શાવી. ત્યાં ઝાડ નીચે ઊભેલા ગિરીશને જોઈને એકાએક તેમણે પ્રશ્ન પૂછ્યો: ''હે ગિરીશ! તેં મારામાં એવું તે શું જોયું છે કે તું બધે ઠેકાણે મને અવતાર તરીકે ઓળખાવતો ફરે છે?'' અને ગિરીશ પણ જરાય ખમચાયા વગર હાથ જોડીને બોલી ઊઠ્યો: ''વ્યાસ, વાલ્મીકિ જેવા મુનિઓ પણ જેના મહિમાને પામી શક્યા નથી તેના સંબંધમાં મારા જેવો ક્ષુદ્ર જીવ શું કહી શકે?'' ઊંડા ભક્તિભાવ ભર્યા શબ્દો સાંભળીને શ્રીરામકૃષ્ણ ભાવ-અવસ્થામાં આવી ગયા અને બોલ્યા: ''વધારે શું કહું? તમને સૌને મારા આશીર્વાદ છે, સૌને ચૈતન્ય થાઓ!'' આ શબ્દો સાંભળીને ભક્તો આનંદની મસ્તીમાં આવી ગયા. ગુરુદેવને પ્રણામ કરવા લાગ્યા અને તેમની ચરણરજ લેવા લાગ્યા. શ્રીરામકૃષ્ણે પણ મન મોકળું મૂકીને સ્પર્શ કરીને સૌ ઉપર આશીર્વાદ વરસાવ્યા. તેમના આ સ્પર્શની અસર અજબ હતી. કોઈ હસવા લાગ્યું, તો કોઈ રડવા લાગ્યું, તો કોઈ ગહન ધ્યાનમાં ઊતરી ગયું. સૌને સમજાઈ ગયું કે આજે ગુરુદેવે કલ્પતરુ થઈને કશા ભેદભાવ વિના કૃપા વરસાવી છે.

કાશીપુરના બાગના એ દિવસો ભક્તો માટે પરમ ધન્ય હતા. એક દિવસ મોટો ગોપાળ કેટલાંક ભગવાં વસ્ત્રો અને રુદ્રાક્ષની માળાઓ સાધુઓમાં વહેંચી દેવા માટે લાવ્યો. શ્રીરામકૃષ્ણે કહ્યું: ''આ બધા યુવકો ત્યાગની ભાવનાવાળા છે; એમના કરતાં વધુ સારા સાધુઓ તને બીજે ક્યાંય મળવાના છે? માટે વસ્ત્રો અને માળાઓ એમને જ વહેંચી આપ.'' પછી સાંજે

શ્રીરામકૃષ્ણે એ બધાને બોલાવ્યા અને એમની પાસે અમુક ધાર્મિક ક્રિયા કરાવી. તેમને ભગવાં વસ્ત્રો વહેંચી આપ્યાં. એ સાંજે એ યુવકોએ પોતાની અંતરની ઇચ્છાઓને સફળ થતી જોઈ. યોગ્ય ભૂમિમાં રોપાયેલા એ બીજમાંથી જ જતે દહાડે 'શ્રીરામકૃષ્ણ સંઘ' રૂપી મહાવૃક્ષ ઊભું થયું. એ દિવસે સાંજે નરેન્દ્ર ધ્યાનમાં બેઠેલો. ધ્યાનમાં એણે એકાએક અનુભવ્યું કે પોતાની પાછળ કોઈ પ્રકાશ રેલાઈ રહ્યો છે. એ પ્રકાશ વધતો જ ગયો અને આખરે નરેન્દ્રનું ચિત્ત એમાં લય પામ્યું અને એ દેહભાન રહિત થયો. લગભગ રાત્રે નવેક વાગ્યે તે ભાનમાં આવ્યો. એ અનિર્વચનીય શાંતિમાં નાહી ચૂક્યો હતો. જ્યારે શ્રીરામકૃષ્ણ પાસે ગયો ત્યારે તેઓ બોલ્યા: ''હવે માએ તને બધું બતાવી દીધું છે. આ અનુભૂતિને તાળું વાસીને રાખવામાં આવશે, અને એની ચાવી રહેશે મારી પાસે. જગતમાં તારે જગન્માતાનું કાર્ય કરવાનું છે. જ્યારે તું એ કાર્ય પાર પાડીશ, ત્યારે આ તિજોરીનું તાળું ફરી ખોલવામાં આવશે.

ફરીથી શ્રીરામકૃષ્ણે એક દિવસ નરેન્દ્રને એકાંતમાં મળવાનું કહેલું. તેના તરફ સ્થિર દૃષ્ટિ કરીને એ ઊંડી સમાધિમાં ઊતરી ગયા. નરેન્દ્રને એવું લાગ્યું કે વીજળીના જેવો કોઈ સૂક્ષ્મ પ્રવાહ પોતાના શરીરમાં પ્રવેશી રહ્યો છે; એણે સઘળું બાહ્ય ભાન ગુમાવ્યું. થોડી વારે એને ભાન આવ્યું ત્યારે એણે જોયું કે શ્રીરામકૃષ્ણ રડી રહ્યા છે. એને નવાઈ લાગી. શ્રીરામકૃષ્ણ બોલ્યા: ''અરે નરેન! આજે મેં તને મારું સર્વસ્વ આપી દીધું છે. હવે હું કેવળ અકિંચન ફકીર બની ગયો છું. આજે મેં તને જે આપ્યું છે તેનાથી તું જગતમાં મહાન કાર્યો કરી શકીશ. એ કાર્યો

પાર પાડ્યા પછી તું જ્યાંથી આવ્યો છે, ત્યાં પાછો જઈશ.''

આમ, શિષ્યમાં ગુરુ સમાઈ ગયા. નરેન્દ્રના જીવનની આ સૌથી ધન્ય પળ હતી!

મહાસમાધિના બે દિવસ પૂર્વે જ નરેન્દ્ર શ્રીરામકૃષ્ણની પથારી પાસે ઊભો હતો. એ વખતે એને એક વિચાર આવ્યો. એને થયું: ''પોતે ઈશ્વરનો અવતાર છે એવું શ્રીરામકૃષ્ણ અનેક વાર બોલી ચૂક્યા છે, પરંતુ જ્યારે એ આવી શારીરિક પીડા અને અસહ્ય વેદના ભોગવી રહ્યા છે ત્યારે, એવી અવસ્થામાં પણ જો એ કહી શકે કે 'હું ઈશ્વરનો અવતાર છું' તો હું એમને માનું.'' પરંતુ ત્યાં જ એક નવાઈભરી ઘટના બની. નરેન્દ્રનો વિચાર પૂરો થયો ન થયો કે તરત જ શ્રીરામકૃષ્ણ એના તરફ ફર્યા અને તમામ શક્તિ એકઠી કરીને સ્પષ્ટ રીતે બોલ્યા: ''અરે નરેન! તને હજી ખાતરી થતી નથી? જે રામ હતા, જે કૃષ્ણ હતા, તે જ રામકૃષ્ણરૂપે આ દેહમાં વિરાજે છે; અને એ પણ તારી વેદાન્ત દૃષ્ટિથી નહીં!'' નરેન્દ્ર તો આ શબ્દો સાંભળીને ભોંઠો જ પડી ગયો! હજી પણ શંકા! એ મનમાં મનમાં જ પસ્તાઈ રહ્યો.

રવિવાર, ૧૫મી ઓગસ્ટ, ૧૮૮૬.... છેલ્લો દિવસ.

આજે શ્રીરામકૃષ્ણની પીડાનો પાર ન હતો, ડૉક્ટરે હાથ ખંખેર્યા. સાંજ ઢળતી હતી. સૂરજ ડૂબતો હતો. લાગતું હતું કે રાત્રિના દીવા પ્રકટે તે પૂર્વે જ આ પ્રકાશજ્યોત બુઝાઈ જશે. 'કાલી'! 'કાલી'! 'કાલી'! ત્રણ વાર સ્પષ્ટ ઉચ્ચાર કરતાં જ શ્રીરામકૃષ્ણના દેહમાંથી એક કંપારી પસાર થઈ ગઈ. આંખો નાકના ટેરવા ઉપર ઠરી રહી; મુખ ઉપર દિવ્ય સ્મિત રમી રહ્યું – અને શ્રીરામકૃષ્ણ સમાધિમાં મગ્ન થઈ ગયા. એ જ

મહાસમાધિ હતી. હવે આ પાર્થિવ જગતમાં તેઓ પાછા ફરવાના ન હતા. તે જ્યોતિ બુઝાઈ ન હતી. હજુયે અગણિત ભક્તો મુમુક્ષુઓના સાધના પંથે પ્રકાશ પાથરી રહી છે.

કાશીપુરની સ્મશાનભૂમિમાં તેમનો ભૌતિક દેહ અગ્નિમાં મળી ગયો ત્યારે સૌને મન એક જ પ્રશ્ન હતો; શું ખરેખર શ્રીગુરુ સિધાવ્યા હતા? એમના જ શબ્દોમાં કહીએ તો પોતે ''એક ઓરડામાંથી બીજા ઓરડામાં ચાલ્યા ગયા હતા.'' ફ્રેંચ ચરિત્રકાર શ્રીયુત રોમાં રોલાંએ એમને અંજલિ આપતાં લખ્યું છે: ''બ્રહ્મનાં એક કરતાં વધારે પાસાંનો સાક્ષાત્કાર જો કોઈએ કર્યો હોય તો તે રામકૃષ્ણ છે. તેઓનું આ કર્તવ્ય તે યુગનું કર્તવ્ય છે. નવા યુગના તેઓ ધ્યેયપ્રદાયક અને ગન્તવ્ય સુધી દોરનાર સુકાની અને ભોમિયા હતા.''

# શ્રીરામકૃષ્ણ ઉપદેશ-અમૃત

''પોતાની જાત કરતાં પણ ઈશ્વરને અધિક પ્રિય ગણીને ધ્યાન-ભજન કરો; હું તમને ખાતરીપૂર્વક કહું છું કે એના ભક્તો તરફ એને અનહદ પ્રેમ છે; એમની સમક્ષ એ પ્રગટ થયા વિના રહે જ નહીં. મનુષ્ય એની શોધમાં નીકળે તે પહેલાં જ એ તેને આવી મળે છે, ઈશ્વરથી વધુ નિકટ, વધુ પ્રિય મનુષ્યનું બીજું કોઈ નથી.''

* * *

''કાર્યો સર્વે કરવાં પણ ચિત્ત ઈશ્વરમાં જ રાખવું. સ્ત્રી, પુત્ર, બાપ, મા સર્વેને પોતાનાં ગણીને તેમની સેવા કરવી. જાણે કે તે ખૂબ ખૂબ આપણાં હોય તેમ વર્તવું. પણ મનમાં સમજવું

કે તેઓ કોઈ આપણાં નથી... કોઈ મોટા ઘરની કામવાળી શેઠના ઘરનું બધું જ કામકાજ કરે, પણ તેનું ચિત્ત તો પોતાને જ ઘેર પડ્યું હોય છે. વળી, તે શેઠનાં છોકરાં તરફ પોતાનાં છોકરાં જેટલું જ હેત બતાવે અને બોલે: 'મારો રામ', 'મારો હરિ', પણ મનમાં તે બરાબર જાણે, કે આ છોકરાં કોઈ મારાં નથી.''

* * *

''ફણસ કાપવું હોય તો પ્રથમ હાથ તેલવાળા કરીને કાપવું જોઈએ, નહીં તો તેનો ચીકણો રસ હાથને ચોંટી જાય છે; તેવી જ રીતે ઈશ્વરભક્તિ રૂપી તેલ હાથે ચોપડીને પછી જ સંસારના કાર્યમાં પડવું જોઈએ.''

* * *

''પ્રેમ અને ભક્તિ મેળવવા માટે એકાંતવાસની જરૂર છે. માખણ કાઢવું હોય તો પ્રથમ દૂધનું દહીં કરવા માટે તેને એકાંતમાં સ્થિર મૂકી રાખવું જોઈએ; હલાવ હલાવ કરીએ તો દહીં કે માખણ કશું પણ ના બને. દહીં થયા પછી તેને એક સ્થળે રાખીને ખૂબ વલોવવું જોઈએ, તો જ માખણ નીકળે...''

* * *

''સંસાર એ જળ બરોબર છે અને મન એ દૂધ બરોબર છે. જો દૂધને જળમાં ભેળવી દઈએ તો દૂધ અને જળ સેળભેળ થઈને એકરૂપ બની જશે; પછી તેને પાણીમાંથી છૂટું પાડી શકાશે નહીં. પણ દૂધનું દહીં બનાવી તેમાંથી માખણ કાઢીને પછી તેને જળમાં રાખ્યું હોય તો તે પાણીમાં ભળી જશે નહીં. તેવી રીતે પ્રથમ એકાંતમાં સાધન-ભજન કરીને જ્ઞાન-ભક્તિ રૂપી માખણ મેળવવું જોઈએ, પછી તે માખણને સંસાર રૂપી જળમાં રાખીશું

તોપણ તે જળ સાથે મળી ન જતાં ઉપર જ તર્યા કરશે.''

*   *   *

''ખૂબ વ્યાકુળતાપૂર્વક ઈશ્વર માટે રુદન કરશો તો ચોક્કસ તેનું દર્શન થશે. સ્ત્રી-પુત્રને માટે લોકો ઘડા ભરીને આંસુ પાડે છે; પૈસા માટે તો એટલાં આંસુ પાડે છે કે તે આંસુમાં પોતે પણ તણાઈ જાય! પણ ભગવાનને માટે કોણ આંસુ પાડે છે! ભગવાનની ભક્તિ તો જેટલી થઈ શકે તેટલી આતુરતાથી કરવી જોઈએ.''

*   *   *

''એકલું પાંડિત્ય તો ઝાડ પરથી ખરી પડેલા ફળ જેવું છે. એ ફળ કદી પાકે પણ નહીં અને ખાવામાં પણ બેસ્વાદ હોય. પંડિતો અરધે રસ્તે જ ભૂલા પડી ગયેલા છે. ગીધ પક્ષી ઘણું ઊંચે ઊડે છે, પરંતુ તેની નજર તો જમીન ઉપર પડેલાં સડેલાં મડદાં ઉપર ચોંટી હોય છે. કેવળ પંડિતો ફક્ત કહેવાના પંડિત જ હોય છે. કારણ કે તેઓ કામિની અને'કાંચનમાં આસક્ત હોય છે – ગીધની જેમ તેઓ પણ કામ-કાંચનરૂપી માંસના લોચાની શોધમાં ફર્યા કરે છે. આસક્તિ અવિદ્યામાંથી જન્મે છે; જ્યારે દયા, ભક્તિ, ત્યાગ-ભાવના એ તો વિદ્યાનુભવ્ય ઐશ્વર્ય છે.''

''જ્યારે મનુષ્યને સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે તેને બ્રહ્મનું જ્ઞાન થાય છે, તેનો સાક્ષાત્કાર થાય છે. એવી અવસ્થામાં મનુષ્યના વિચાર સંપૂર્ણપણે બંધ થઈ જાય છે, એ અવાક્ બની જાય છે. બ્રહ્મનું શબ્દો દ્વારા વર્ણન કરવાની તેનામાં શક્તિ હોતી નથી. એક મીઠાની પૂતળી સાગરની ઊંડાઈનો તાગ કાઢવા ચાલી! તેને સાગરની ઊંડાઈ જાણીને કહી સંભળાવવાની ઈચ્છા હતી! પરંતુ એ ઈચ્છા ફળીભૂત ન થઈ. તેણે પાણીને સ્પર્શ કર્યો કે તરત જ તે પોતે જ ઓગળી ગઈ! પછી એ

ઊંડાઈની વાત કહે કોણ?''

* * *

''જ્યારે મનુષ્યને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય, ત્યારે તે ચૂપ થઈ જાય. જ્યાં સુધી માખણ પૂરેપૂરું તવાઈ ન રહે, ત્યાં સુધી જ તે 'સડસડ' અવાજ કરે; તાવણીની હદ આવે એટલે સડસડ અવાજ બંધ પડી જાય. પરંતુ તળવા માટે જ્યારે તેમાં પૂરી નાખીએ ત્યારે ફરી પાછો છમછમ છમછમ અવાજ નીકળે, અને જ્યારે એ પૂરી પૂરેપૂરી તળાઈ રહે ત્યારે ફરીથી એ અવાજ બંધ પડી જાય. એવી જ રીતે સાક્ષાત્કાર પામેલો પુરુષ નીચેની ભૂમિકાએ ઊતરે છે અને મનુષ્યજાતિને ઉપદેશ દેવાના હેતુથી વાતો કરે છે.''

* * *

''જ્યાં સુધી મધમાખી ફૂલ ઉપર બેઠી નથી હોતી ત્યાં સુધી જ તે ગણગણે છે; જેવું એ મધ ચૂસવું શરૂ કરે એટલે મૂંગી થઈ જાય છે; આમ છતાંયે કેટલીક વાર પેટ ભરીને મધ ચૂસી લીધા પછી પણ એ કેવળ આનંદમાં આવી જઈને પણ ગણગણવા લાગે!''

* * *

''જ્યારે ઘડાને તળાવમાં ડુબાડીએ, ત્યારે તે ભક્ભક્ ભક્ભક્ એવો અવાજ કરે, પરંતુ પૂરેપૂરો ભરાયા પછી એમાંથી કશો અવાજ નીકળતો નથી. પરંતુ જો કોઈ બીજા ઘડામાં એનું પાણી ઠલવાય તો ફરી અવાજ થવા લાગે.''

* * *

''કળિયુગમાં પ્રાણનો આધાર સીધો અન્ન ઉપર; એટલે દેહાત્મભાવ કેમે કર્યો નીકળતો નથી. એવી અવસ્થામાં સોઽહમ(હું જ એ પરમાત્મા) કહેવું એ ઠીક નહીં. સંસારમાં બધું

કર્યે જવાય છે, અને છતાં 'હું બ્રહ્મ' એમ બોલવું એ બરાબર ન ગણાય. જે લોકો વિષયોનો ત્યાગ કરી શકે નહીં, જેનામાંથી 'હું' એ ભાવના કેમ કરી જાય નહીં, તેમને માટે 'હું દાસ', 'હું ભક્ત', એવો ભાવ સારો. ભક્તિમાર્ગે જઈએ તોપણ ઈશ્વરને પામી શકાય.''

''કેવળ વિદ્વત્તાનો કશો અર્થ નથી. ઈશ્વરને પામવાનો માર્ગ ખોળી કાઢવા માટે શાસ્ત્રો વાંચવાનાં હોય. ગીતાનો અર્થ શો? 'ગીતા' શબ્દને દશ વાર બોલવાથી જે અર્થ નીકળે તે. જો તમે એ શબ્દનો વારંવાર પુનરુચ્ચાર કર્યા કરો, તો 'તા-ગી, તા-ગી, તા-ગી' એમ બોલાય - તાગી એટલે કે 'ત્યાગી'. ગીતા મનુષ્યને એવો ઉપદેશ આપે છે કે 'હે જીવ! સર્વસ્વનો ત્યાગ કરીને ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો પુરુષાર્થ કર.' ત્યાગી હોય કે ગૃહસ્થી હોય, માણસે પોતાના ચિત્તમાંથી તમામ આસક્તિને ત્યાગી દેવી જોઈએ.''

* * *

'''હું અને મારું' એ બેનું નામ અજ્ઞાન. 'મારું ઘર', 'મારો પૈસો,' 'મારી વિદ્વત્તા,' 'મારું ઐશ્વર્ય', 'મારી સંપત્તિ' એવો જે ભાવ મનમાં આવે છે તે અજ્ઞાનથી આવે. 'હે ઈશ્વર! તમે માલિક અને આ બધી વસ્તુઓ: ઘરબાર, સ્ત્રીપુત્રો, નોકરચાકર, સગાંવહાલાં, સંપત્તિ વગેરે બધું તમારું, એવી ભાવના જ્ઞાનથી આવે.''

* * *

''ભગવાન બે પ્રસંગોએ હસે: એક વાર હસે જ્યારે દાક્તર મરવા પડેલા દરદીની માતાને કહે છે કે 'બહેન! ચિંતા કરો મા, હું તમારા દીકરાને સાજો કરી દઈશ ત્યારે.' તે વખતે ભગવાનને એ વિચારે હસવું આવે કે હું આ દરદીને મારી રહ્યો છું ત્યારે આ

દાક્તર એને જિવાડવાની વાત કરે છે! દાક્તર ધારે છે કે તે પોતે કર્તા છે; એને ભગવાન યાદ આવતો નથી. અને બીજી વખત ઈશ્વર ત્યારે હસે કે જ્યારે બે ભાઈઓ દોરી માપીને જમીનના ભાગ પાડે. ભગવાન કહે છે કે, આખું વિશ્વ મારું છે અને છતાં આ લોકો 'આટલી મારી ને આટલી તારી' એમ કહીને જમીનની વહેંચણી કરી રહ્યા છે!''

* * *

''એક તળાવને અનેક ઘાટ હોય. એક ઘાટેથી હિંદુઓ પાણી પીએ છે, તેઓ કહે છે: 'જળ', બીજે એક ઘાટે મુસલમાનો પાણી પીએ છે, તેઓ કહે છે: 'પાની', તો ત્રીજે ઘાટે અંગ્રેજો પાણી પીએ છે, તેઓ કહેશે: 'વૉટર', પણ એ ત્રણેય એક જ વસ્તુ, માત્ર નામ જુદાં! તે પ્રમાણે પરમાત્માને કોઈ 'અલ્લાહ' કહે છે, કોઈ 'ગૉડ' કહે છે, કોઈ 'બ્રહ્મ' કહે છે, તો કોઈ 'કાલિ' કહે છે. તો કોઈ વળી 'રામ', 'હરિ', 'જિસસ', 'દુર્ગા' પણ કહે છે.''

* * *

''તમે લોકો સંસાર વહેવાર ચલાવો છો તેમાં કશો દોષ નથી. પણ મન ઈશ્વરમાં રાખવું જોઈએ; તે વિના ન ચાલે. એક હાથે સંસારનાં કામકાજ કરો અને બીજે હાથે ઈશ્વરને પકડી રાખો. કામકાજ પૂરાં થાય એટલે બેઉ હાથે ઈશ્વરને પકડો.''

* * *

''બધોય આધાર મન ઉપર છે, મનથી જ માણસ બદ્ધ થાય છે અને મનથી જ માણસ મુક્ત થાય છે. મનને જે રંગે રંગો, તે રંગે તે રંગાય. જેમ કે ધોબીએ ધોયેલું સફેદ કપડું: તેને લાલ રંગમાં બોળો તો તે લાલ થઈ જાય, વાદળી રંગમાં બોળો તો તે વાદળી થઈ જાય, લીલા રંગમાં બોળો તો તે લીલું થઈ જાય,

જે રંગમાં બોળો તે રંગ તેને ચડે. જુઓને એક થોડુંક અંગ્રેજી ભણે કે તરત જ અંગ્રેજી શબ્દો આવવા માંડે: ફૂટફાટ, ઈટ મિટ! વળી પગમાં બૂટ, મોઢેથી વગાડવાનું, સિનેમાનાં ગીતો ગાવાં વગેરે બધું આવી જાય. તે જ પ્રમાણે જો સંસ્કૃત ભણીને પંડિત થાય તો તરત જ શ્લોકો ઝાપટવા માંડે. તેમ મનને જો કુસંગમાં રાખો તો વાતચીત, વિચાર વગેરે એ પ્રકારનાં થઈ જાય; જો મનને ભક્તના સંગમાં રાખો તો ઈશ્વરચિંતન, હરિકથા એ બધું થાય. વાત એટલી કે મન ઉપર જ બધો આધાર. એક બાજુ પત્ની સૂતી હોય, બીજી બાજુ સંતાન સૂતું હોય, માણસ પત્ની પ્રત્યે એક ભાવથી પ્રેમ દર્શાવે, સંતાન પ્રત્યે બીજા ભાવથી પ્રેમ દર્શાવે. પણ બંને કિસ્સામાં મન એક જ. મન વડે જ બદ્ધ, અને મન વડે જ મુક્ત. 'હું મુક્ત છું' એવી ભાવના મનમાં દૃઢતાપૂર્વક ધારણ કરીને બોલતાં બોલતાં માણસ મુક્ત થઈ જાય!''

* * *

''સંસારીઓને રોગ છે વિકારનો! તેમાં વળી જે ઓરડામાં વિકારનો રોગી છે તે જ ઓરડામાં પાણીનું માટલું અને અથાણાં-આંબલી રહ્યાં છે. જો વિકારના રોગીને સાજો કરવો હોય તો તે ઓરડામાંથી તેની પથારી ફેરવી નાખવી જોઈએ. સંસારી જીવ છે વિકારનો રોગી, વિષયો છે જાણે કે પાણીનું માટલું, વિષય ભોગની તૃષ્ણા એ છે પાણીની તરસ! અથાણાં-આંબલીનો વિચાર કરતાં જ મોઢામાં પાણી છૂટે, નજીક લાવવાની જરૂર ન રહે એવી ચીજ પણ ઘરમાં રહેલી છે, સ્ત્રી સંગ. એટલા માટે એકાંતમાં રહીને સારવાર કરવાની જરૂર છે.''

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)